શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૨૪૬
2475

# [બ્ર]હ્મચર્યાશ્રમ

(એક પ્રહસન)

લેખક

**કનૈયાલાલ મુનશી**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેલના

મારા

**સહનિવાસીઓને**

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ઉપોદ્ઘાત

યરોડા જેલમાં લખેલું પ્રહસન આજે પ્રગટ થાય છે. એને ફાર્સ કહી શકાય. એમાં ગંભીર અને સુંદર વસ્તુની ઠેકડી જોઇ ગાંભીર્યપ્રેમી જમાતીને જરા આઘાત થશે.

આમાં ઘણી વસ્તુઓ જેને હું સુંદર કે ભવ્ય માનું છું તેની ગમત કરી છે. પૂ. ગાંધીજી વિશે પણ એક બે ઉલ્લેખ એવા છે ખરા. મારા સન્માન્ય પ્રિય મીત્રો, જે જેલમાં સાથે હતા તેમની તો સૂચનાથીજ તેમનાં લક્ષણોની ગમત કરી છે. મારા પોતાનાં લક્ષણોની ઠેકડી પણ રહી નથી ગઇ.

પણ દુનીઆમાં ગમ્મત કરનારાઓ છે, ત્યાં સુધી ગમતનું સ્થાન સાહિત્યમાં જરુરનું છે. અને અગત્યની વસ્તુની પણ ગમત કરવાનું મન મને સાહિત્ય લખતાં ઘણી વાર થાય છે. વાસ્તવિક દુનીઆથી દૂર જેલમાં ગમત કરવાનું મન સહેલાઇથી થાય એ સ્વાભાવિક છે.

આશા છે કે ગંભીર વાંચકો ક્ષમા આપશે ને હાસ્યરસિકો એનાથી નહીં કંટાળે.

બાબુલનાથ રોડ
: મુંબાઇ :
તા. ૧૦ : ૧૦ : ૩૧

કનૈયાલાલ મુનશી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પાત્રો

ડોકટર માધુભાઈ એમ. ડી. એફ. આર. સી. એસ.

મી. નરોત્તમ બાર-એટ-લો.

શેઠ ગંગાદાસ.

મી. મુરલીધર પંડિત બાર-એટ લો.

મી. મોટાભાઇ બાર-એટ-લો.

પ્રોફેસર છોટુભાઈ એમ. એ.

શ્રી. ભગવાનદાસ.

શ્રી. ગુલાબચંદ.

દાજી પટેલ.

પેમલી.

નીલમ.

જેલર.

વોર્ડરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# બ્રહ્મચર્યાશ્રમ

## અંક પહેલો

[ સમય : ૧૯૩૦ ના મહીનાની એક બપોર.

સ્થલ : જેલ, ' એ ' વર્ગના કેદીનો યાર્ડ. નવ નાની નાની ઓરડીઓ દેખાય છે. એક તરફ બાજરુની છાપરી અને બીજી તરફ જેલમાં જ બાંધવામાં આવતો હવાડો છે.

' એ ' વર્ગના સત્યાગ્રહી કેદીઓને અહીંઆં રાખવામાં આવ્યા છે.

ઓકસફર્ડનો બી. એ. ને આશાસ્પદ બેરીસ્ટર નરોત્તમ દલાલ માત્ર ' શોર્ટ ' અને સફેદ ખમીસ પહેરીને કંપાઉંડમાં એકજ જગ્યાપર પંપ ઉંચો નીચો થતો હોય એવી કુદવાની કસરત કરે છે. તે મજબુત બાંધાનો, સશકત અને સ્વરૂપવાન પચ્ચીશેક વર્ષનો યુવક છે. જાણે કંપાઉંડમાં કુદવાની કસરત કરવાથી સ્વરાજ્ય પળેપળ પાસે આવતું હોય એવો એના મોં પર ભાવ છે.

મુરલીધર પંડિત ચાલીશેક વર્ષના, સુક્કા ને ઠીંગણા ધારાશાસ્ત્રી, ચારે છેડે ધોતીઉં પહેરી, પાવડી પર ચઢી, જાણે કોઇ વિપ્રવર્ય અધીરાઇથી યજમાનના નોંતરાની વાટ જોતા હોય તેમ આમથી તેમ ફરતા દેખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રુના મોટા વહેપારી, ટીલા વગરના ગોસ્વામી મહારાજ જેવા લાગતા, જાડા ને રૂપાળા ગંગાદાસ શેઠ પેટમાં વમળ આવતાં હોય તેમ પેટ દાબતા, કટીજાણું મોં કરી નરોત્તમ સામું જોઇ રહ્યા છે.

એટલા પર એક તરફ પ્રોફેસર છોટુભાઇ જગતની ચિંતા એમના માથા પર આવી પડી હોય એવી મુખમુદ્રાથી તકલી કાંતતા દેખાય છે. ]

**ગંગાદાસ**

( કડવું મોઢું કરી ) જહાનમમાં ગઇ આ જેલ !

**નરોત્તમ**

( કુદવાનું બંધ કરી હાંફતાં ) કોણે કહ્યું હતું કે 'નીમકા કાયદા' તોડો, મીસ્તર ?

**ગંગાદાસ**

( પેટ દાબતાં ) જેલની કયાં વાત છે ? ખબર છે ? મારી બૈરી માંદી છે. ને આજે ત્રણ દહાડા થયાં હું જવાબની રાહ જોઉં છું. પણ હજી જવાબ આવતો નથી.

**મુરલીધર**

( આગળ આવીને ) ગંગાદાસ ! તમારી wife તો માંદી છે; પણ મારી તો રોજ પીકેટીંગમાં જાય છે. આજે મળવા નહીં આવે, તો જરૂર પોલીસે એનું માથું ફોડી નાખ્યું. હશે 'યઃ સર્વત્રાનભિસ્નેહસ્તત્ તત્પ્રાપ્ય શુભાશુભમ્' ( બબડતો ફરવા માંડે છે. )

**નરોત્તમ**

( દાંત પીસીને ) પણ આ કમબખ્તોએ મારો કાગળ કેમ મોકલાવ્યો નહીં ? મને તો ખાત્રી છે કે આજે ચાર દિવસ થયાં એ ઓફીસમાંજ પડી રહ્યો છે.

**છોટુભાઇ**

( હસીને ) મારો કાગળ ગઇ વખતે ઓફીસે આઠ દહાડા રાખ્યો હતો.

**નરોત્તમ**

( કમરનો પટો ઠીક કરતાં ) કેમ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુરલીધર

( ઉભા રહીને ) આ કોઇને આપણી પરવાજ નથી. મને તો ખાત્રી છે કે મારી wife બહાર વાટ જોતી હશે; ને કોઇ એને અંદર આવવાજ નહીં દેતું હોય.

છોટુભાઇ

ગઇ વખતે મારી બહેનને ત્રણ કલાક બહાર ઉભી રાખી હતી

ગંગાદાસ

નોન્સેન્સ ! આપણે એ બાબત પર પ્રોટેસ્ટ ઉઠાવવો જોઇએ. We must fight. (આપણે લડવું જોઇએ.) આપણો right !

નરોત્તમ

મીસ્ટર ! આ જેલ છે, ધારાસભા નથી. હમણાં તો આપણે આ લોકોને આધીન છીએ.

ગંગાદાસ

ખોટી વાત. હું નથી—

નરોત્તમ

તમે છો—

( ભગવાનદાસ મહેતા આવીને નીસાસો નાંખી ઓટલા પર બેસે છે. તે ઉંચા છે અને દેશની ચિંતામાં દિવસે દિવસે સુકાતા જાય છે. એમણે જૈન સાધુની માફક ધોતીઉં ઓઢ્યું છે. )

ભગવાનદાસ

ગંગાદાસ શેઠ ! મીસીસ ગંગાદાસનો પત્ર આવ્યો કે ?

ગંગાદાસ

(મોઢું બગાડી) નથી આવ્યો. જરુર એને કૈં થયું હશે. તમારો જવાબ આવ્યો ?

ભગવાનદાસ

( ઘોરમાંથી બોલતા હોય તેમ ) મારી બૈરી તો કયાં છે તે પ્રભુ જાણે, મારા કાકાને ત્યાં કચ્છમાં કે સસરાને ત્યાં કલકત્તામાં કે મારી માસીને ત્યાં રંગુનમાં ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગંગાદાસ**

( ગુસ્સે થઇને ) પણ એ તો સારું, એટલી ચિંતા તો ઓછી—

**ભગવાનદાસ**

( ધુરકીને ) ચિંતાનો જાણે તમે ઇજારો લીધો હશે, નહીં ?

**મુરલીધર**

અરે મુરબ્બીઓ ! જરા.શમતા રાખો. આ જેલર આવ્યો.

( બારણું ઉઘડે છે અને જેલર આવે છે. તે સ્વદેશી સાહેબ છે ને તેમણે ખાખી ' શોર્ટ ' ને ખમીસ પહેર્યાં છે ને હાથમાં નેતર લીધી છે. તેની પાછળ મોટાભાઇ, મોટા, ઉંચા, સુકા, યુરોપીઅન વસ્ત્રમાં સજ્જ, એક મોનોકલ પહેરીને આવે છે. પાછળ પીળી અડધી સુરવાળ, સફેદ હાફકોટ ને પીળી ટોપીમાં વોરડર મોટાભાઇની પેટી ને પથારી લઇ આવે છે. )

**જેલર**

( દુમાખી રાખવી કે મીલનસાર બનવું એ બે પ્રયત્નનો સંભ્રમ દર્શાવી) Good morning, Gentlemen (સાહેબજી, સદ્‌ગૃહસ્થો!) આ તમારા મિત્રને લઇ આવ્યો છું.

**મુરલીધર**

(આગળ આવીને) હલો મોટાભાઈ ! શો આનંદ ! તમે સત્યાગ્રહમાં ને વળી જેલમાં !

**મોટાભાઈ**

( મોનોકલ ચઢાવીને ) yes ! ( હા ! ) મને પણ જેલમાં મુકયો. શા માટે ? મને ખબર નથી. હલો ગંગાદાસ ! હલો નરોતમ !

**ગંગાદાસ**

કેમ ? તમે પણ આખરે જોડાયા ખરા ! ઠીક થયું.

**નરોત્તમ.**

હલો. Glad to see you (તમને જોઇને આનંદ થયો,) મોટાભાઇ !

**જેલર**

વોરડર ! એ આઠ નંબરકા કમરામેં ઉનકા અસબાબ રખ દો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

What ? ( શું ! ) આ કોટડી મારે માટે !

જેલર

હા. આ 'એ' કલાસના કેદીનો યાર્ડ છે. બધા તમારા મિત્રો જ છે એમ ધારું છું.

મોટાભાઇ

( નાક ચઢાવી ) મને અહીંઆં રાખવાનો હુકમ છે ? ( રુમ જોવા જાય છે. )

જેલર

( ખભો ચઢાવી ) બીજી જગ્યા જ નથી.

મુરલીધર

મીસ્તર જેલર ! મીસીસ પંડિત મને મળવા આવ્યાં છે કે ?

જેલર

પંડિત ! પખવાડીઆમાં એકથી વધુ મુલાકાત નહીં થાય.

મુરલીધર

( ચમકીને ) શું ? પણ surely ( જરુર ) અત્યાર સુધી તો પખવાડીઆમાં બે વાર મુલાકાત આપતા હતા !

જેલર

હવે નવા હુકમ આવ્યા છે.

મુરલીધર

પણ એ લોકો આવશે તો ?

જેલર

પાછાં જવું પડશે.

મુરલીધર

(ચીઢાઇને મુંગે મોંઢે ફરવા માંડે છે) સહનં સર્વદુ:ખાનામ્—(આઘો બસી જાય છે. )

ગંગાદાસ

પણ મારો પત્ર—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેલર

—આવ્યો છે. પણ હજી અમે તપાસ્યો નથી.

ગંગાદાસ

Please ( મહેરબાની કરી ) જેમ બને તેમ જલદી—-

જેલર

અમારે હજુ તરજુમો કરાવવાનો છે.

( ગંગાદાસ ડોળા કાઢી જુએ છે. )

નરોત્તમ

—ને મારો પત્ર ગયો ?

જેલર

હજુ ઓફીસમાંથી મારી પાસે આવ્યો નથી.

નરોત્તમ

( હોઠ બીડીને ) પણ મેં ચાર દહાડા થયાં આપ્યો છે.

જેલર

( ખભા ચઢાવી ) વેલ ! જેલ રુલ્સ ! તરજુમો !

નરોત્તમ

પણ બહુ જરુરનો છે. તેને તે—

જેલર

અમે બનતું કરીએ છીએ.

છોટુભાઇ

પણ મીસ્તર જેલર ! આજે ખાંડ બીલકુલ નથી. અમે અત્યારે ચહા કેમ કરીને પીશું ?

જેલર

મેં ચીઠ્ઠી તો બે દહાડા પર પસાર કરી. સ્ટોરકીપરને વખત નહીં મળ્યો હોય.

ગંગાદાસ

પણ ખાંડ વગર ચહા—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેલર

( ટાઢાશથી) વેલ ! આજે તો શનિવાર એટલે હવે તો મોડું થઇ ગયું. કાલે તો રવિવાર. પરમ દહાડે—

ગંગાદાસ

પણ અમારી ચહા—

જેલર

વેલ, you see—

નરોતમ

But surely (પણ ખચીત) જરા તો વિચાર તમારી ઑફીસ રાખે કે નહીં ?

જેલર

You see ! હમણાં રોજ એટલા કેદીઓ આવે છે કે મારી બૈરી જોડે વાત કરવાની મને ફુરસદ નથી, વેલ !

મોટાભાઇ

( રોફથી પાસે આવીને ) મીસ્તર જેલર ! આ રુમ મારે માટે નથી. કાંઈ મીસ્ટેક છે. હું સામાન્ય કેદી નથી. I won't have this. Do you see ? Do you see ? ( હું આ રુમમાં રહેવાનો નથી. તમે સમજ્યા ? તમે સમજ્યા ? ) મને નહીં પરવડે.

જેલર

I am afraid you will have to be here. ( મને ભય છે કે તમારે અહીં જ રહેવું પડશે. )

મોટાભાઈ

તો હું સુઉં ક્યાં ?

જેલર

અહીંઆં.

મોટાભાઈ

બેસું ક્યાં ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જેલર

( હસીને ) અહીં આં.

મોટાભાઈ

નાહું કયાં ?

જેલર

પેલા નળ નીચે.

મોટાભાઇ

હું ત્યાં નાહું-અહીંઆં સુઉં-અહીંઆં બેસું ! Impossible ( અશકય ) બને કેમ ? Won't. I will refuse. ( હું એમ નહીં કરું. હું ના પાડીશ. )

જેલર

( જરાક તોછડાઇથી ) તમારાથી ના કહેવાય :નહીં. ના કહેશો, તો જેલના નિયમોનો ભંગ થશે.

મોટાભાઈ

મને પરવા નથી. કેદી જેલ રુલ્સ તોડે તો શું થાય ?

જેલર

તો તેને ચક્કીની શિક્ષા થાય.

મોટાભાઈ

( તોરામાં ) What ? ( શું ? ) ચક્કી ! ચક્કી ! મને ચક્કી ! મીસ્તર જેલર ! તમે જાણો છો હું કોણ છું ? Dear fellow listen, now listen to me. ( જરા સાંભળો, જુઓ સાંભળો. ) હું કોણ છું તે તમે જાણો છો ? I am Mr. Mota. see ? ( હું મીસ્તર મોટા છું. સમજ્યા ? ) તમે જાણો છો હું અહીંઆ કેમ આવ્યો છું ? Well I am here to serve my country. (હું મારા દેશની સેવા કરવા અહીંઆં આવ્યો છું. ) મારા દેશની સેવા કરવા. Do you see ( સમજ્યા ? )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**જેલર**

But I am here to do my duty. ( પણ હું અહીંઆં મારી ફરજ બજાવવા આવ્યો છું. )

**મોટાભાઈ**

Yes, but don't you see? Now listen (હા, પણ તમે સમજ્યા નહીં. જુઓ સાંભળો.) હું અહીંઆં આ ઓરડીમાં કેમ રહું ? You must have heard of me. (તમે મારા વીશે સાંભળ્યું હશે.) હીંદમાં મોટામાં મોટા હોદ્દા મને સામે ધરવામાં આવ્યા હતા. I refused them. મેં ના પાડી.

**જેલર**

પણ હું શું કરું ?

**મોટાભાઈ**

Now just listen. I tell you. ( જુઓ, સાંભળો હું કહું. ) જો કાલે ડુમીનીઅન સ્ટેટસ મળશે તો મુખ્ય પ્રધાન કોણ થશે ? ગાંધી. હું કહીશ, ના; બહુજ ત્યાગી. તમે કહેશો નહેરુ, ના. બહુ ઘરડા. ત્યારે તો મને જ લેવો પડશે. બીજો રસ્તો નથી. you see ( તમે સમજ્યા ? )

( બહાર સીટી વાગે છે. )

**જેલર**

એ શું થયું ? ( દોડતો જાય છે. ) વોરડર ! યાર્ડ બંધ કરો.

( મોટાભાઈ ચશ્મો હાથમાં રાખી ઉભા રહે છે, જેલર દોડી જાય છે ને વોરડર બારણાં બંધ કરે છે. )

**ગંગાદાસ**

મોટાભાઇ ! કે શુક્કરવાર વળવાનો નથી.

**મુરલીધર**

મોટાભાઇ ! હવે કપડાં ઉતારો. આ તો અહીંઆં બધા આવા જ સમાચાર છે. Rank is but the guineastamp, Jail is a jail for all that.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઈ

This is beastly. ( આ તો પશુતાભર્યું છે. )

છોટુભાઇ

મહાત્માજી પણ આ ખોલીમાં રહે છે.

નરોતમ

ફેર એટલોજ કે એમને એકલાને ત્રણ ખોલી છે.

ગંગાદાસ

મોટાભાઇ ! હવે કારાવાસની મનોદશા કેળવો. છુટકો નથી.

મોટાભાઇ

મીસ્તર ગાંધી ક્યાં છે ?

મુરલીધર

પેલી ભીંતની પેલી તરફ.

મોટાભાઇ

આ શું ? એને ત્રણ કોટડી ને આપણને એક ?

મુરલીધર

મહાત્માજીને તો બે બકરી ને બે માણસ છે; ને આપણને આઠ જણને બે માણસ છે. મોટાભાઇ ! તમે ને હું મહાત્માજીની એક બકરીનું ચોથીઉં છીએ.

મોટાભાઇ

It's monstrous. ( આ તો બહુ જ દુષ્ટ. )

ગંગાદાસ

Monstrous ! દુષ્ટો મારો કાગળ આવવા દેતા નથી.

મુરલીધર

(હોઠ પીસીને) મારી પત્નીને પાછી કાઢી. The beasts ! (પશુઓ !)

નરોતમ

ને મારી fiancee ( વચનદત્તા ) ને પત્ર લખ્યો છે તે મોકલતા નથી. dirty dogs ! ( મલિન કુતરા ! )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

Yes, they are. ( હા, એ એવાજ છે. ગંગાદાસને ) You know ( તમે જાણો છો ) ગંગાદાસ, મેં રાધીને મળવા આવવાનું કહ્યું તેની એ લોકોએ ના પાડી.

ગંગાદાસ

( આંખો નચાવી) કોણ તમારી રાધી ? ફકકડ ગાય છે. જેલમાં આવતાં પહેલાં જ હું એનું ગાણું સાંભળી આવ્યો હતો.

ભગવાનદાસ

(જે અત્યાર સુધી ઓટલાના થાંભલા સાથે કસરત કર્યાં કરતા હતા તે) શું બૈરી છોકરાંનો તો પત્તો જ નથી.

મોટાભાઇ

આ જાનવરો કહે છે જેલરુલ્સ પ્રમાણે રાધી મારી કાંઇ સગી થતી નથી. Tust fancy ! ( જુઓ તો ખરા ! )

ગંગાદાસ

( આંખ મારીને ) શરમ છે, એમને લ્યાનત છે !

મુરલીધર

તદ્દન ખરી વાત. તમે તે માણસમાં છો ? તમને નથી સ્ત્રીની કે નથી પ્રણયની કીંમત ? તમારે સગપણ શું ?

મોટાભાઇ

પંડિત ! Don't tell me that. I won't have it. (મને એમ કહેશો નહીં. હું એ માનવાનો નથી. ) તું તો હંમેશનો પાદરો મુઓ છે. જન્મ ધરીને તારી બૈરી શીવાય બીજી કોઈ સ્ત્રીનું તે મોઢું જોયું નથી.

મુરલીધર

અને જોવાની ઇચ્છા નથી.

મોટાભાઇ

મોંઢાં જોવામાં શી મજાહ પડે તે તું શું સમજે, પંડિત ? કેમ ગંગાદાસ ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગંગાદાસ**

**ઓ ભાઇ ! તમારા અનુભવની વાત તમે જ કર્યાં કરજો.**

**છોટુભાઇ**

( તકલી કાંતતાં, ગાંભીર્યથી ) તમે મુંબાઇગરા આવી શું વાત કરતા હશો ? મહાત્માજી સાંભળશે તો અપવાસ કરશે.

**મોટાભાઈ**

I don't care. It will do him good. Oh ! is that Dr. Madhubhai ?-(હું દરકાર રાખતો નથી. એથી એમને ફાયદો થશે. અહો ! ડા. માધુભાઇ છે કે ?—)

(ડોકટર માધુભાઈ આવે છે. તે ચાળીશેક વર્ષના લાગતા, ઉંચા, સુકા ને ગોરા ગૃહસ્થ છે. તેમણે સીંધીઓને પ્રિય એવો કોથળાશાહી ચોરણો ને ઘુંટણ સુધીનું કોથળાઘાટનું પહેરણ પહેર્યું છે. એમના મોંઢા પર નિરંતર રમતું હાસ્ય છે. તેમને ચશ્માવાળી આંખો નચાવીને વાત કરવાની ટેવ છે. તે પોતાની જાતને હંમેશાં માધુ કહી સંબોધે છે. )

**મોટાભાઇ**

દીકરા માધુ ! નાહી આવ્યો ? ઠીક કર્યું. કોણ મોટાભાઈ ? તમે પણ આવ્યા ખરા. તમને પણ જેલબ્રહ્મનો સાક્ષાત્કાર થયો. ઠીક થયું. આપણને બસ બધે જ બ્રહ્મ. હરિનો મારગ છે શૂરાનો—

**મુરલીધર**

( ફરતાં ફરતાં પાસે આવી ) માધુભાઈ, પેલાએ તો મીસીસ પંડિતને આવવા પણ નહીં દીધી.

**માધુભાઇ**

Now પંડિત ! કાલે તમે આ માધુને શું વચન આપ્યું હતું ? બ્રહ્મચર્ય સેવવાનું-મન વાણી ને કર્મે. તમે માનસિક બ્રહ્મચર્યનો ભંગ કરો છો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

( રોફથી ) ડૉક્ટર ! આ શું નવું ધતીંગ છે ? તમને પણ મીસ્તર ગાંધીની માફક ઘરડે ઘડપણ બ્રહ્મચર્ય વળગ્યું કે શું ?

માધુભાઇ

( આનંદથી હસીને ) ભુલ્યા. મોટાભાઇ, ભુલ્યા. આ માધુ તો બાલ બ્રહ્મચારી છે. જન્મ્યો ત્યારથી એ જ પોતાની પત્ની ને એ જ પોતાનાં છોકરાં છે. અને મહાત્માજી ! ઉંહ. આ બાબતમાં બાળક છે. ત્રીસ વર્ષ આ માધુએ દરદીઓના શરીર પરથી શરીરશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે, ને મોટી શોધ કરી છે.

મુરલીધર

ડાકટર સાહેબ ! તમે શોધ કરી એમ તો ન કહેવાય. ગુલાબચંદભાઇએ અથર્વવેદમાંથી બ્રહ્મચર્ય શોધી કાઢયું છે. ને પતંજલિ તો સૈકાઓ થયાં કહી ગયો છે. બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ

માધુભાઇ

( બેદરકારીથી ) Elements—દોસ્ત, માત્ર એકડીઆ જ્ઞાન. આ માધુએ પહેલી વખત એ સિદ્ધાંત પદ્ધતિસર સ્થાપ્યો છે. અત્યાર સુધી બ્રહ્મચર્ય એક આદર્શ હતો. આ માધુએ એને સહેલો, સરલ પાઠ બનાવી દીધો છે—બધાંને સુગમ ને સીધો.

મોટાભાઇ

નોન્સેન્સ ! 1 know you. You know me. Talk to me straight. ( હું તમને ઓળખું છું. તમે મને ઓળખો છો. મારી જોડે સીધી વાત કરો. ) બધા બ્રહ્મચર્ય સ્વીકારે તો કેમ ચાલે ?

માધુભાઇ

તેજ આ માધુની શોધ છે. બ્રહ્મચારી કદી મરતો નથી. પુછો ગુલાબચંદભાઇને. (પોતાની ઓરડીમાંથી ગુલાબચંદભાઇ, ધીર ગંભીર ને હસમુખા, હાથમાં એક ચોપડી લઇ પ્રશંસામુગ્ધ નયને ડાકટરને જોયા કરે છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઈ

Now listen ! see ? એ બધા બ્રહ્મચારીમાંથી એકે સદાકાળ જીવતો રહ્યો નથી.

માધુભાઇ

ભુલ્યા મીસ્તર મોટાભાઇ ! એ જીવતા નથી કારણ કે એ કોઈ બ્રહ્મચારી હતા જ નહીં. ( વિજયથી ) બ્રહ્મચારી મરે જ નહીં. એટલે એને વંશવૃદ્ધિની જરુર નહીં. માધુને કયાં જરુર છે ? એ તો આનંદમાં બેઠો છે–પોતે જ પિતા ને પોતે જ પુત્ર. એને શું જોઇએ ?

ગુલાબચંદ

અથર્વવેદમાં પણ કહ્યું છેઃ આ શરીરરૂપી ચમસ છે; એમાંથી દેવો અમૃતપાન કરે છે; એમાંથી અમૃત પીને દેવ હર્ષ પામે છે.

માધુભાઇ

બધાં હતાં સ્વપ્નાં–સ્વપ્નાં–સ્વપ્નાં–આ માધુએ સિધ્ધ કર્યાં ત્યાં સુધી. વૈજ્ઞાનિક ધોરણ પર આ માધુએજ બધું પહેલી વાર મુકયું છે. એનું શિક્ષણ લો-એની મેળે બધું—

મોટાભાઈ

Impossible, Now, Doctor, talk like a sensible man. I know, you are an eminent doctor. ( અશકય ! ડોકટર, સમજણવાળા માણસ માફક બોલો. હું જાણું છું કે તમે પ્રખ્યાત ડાકટર છો.) પણ આ વાત તો Stupid ( મૂર્ખાઇ ભરી ) છે. Look at me. ( મારી તરફ જુઓ. ) હું વોઇસરોય જોડે બેઠો છું. શું ? હું.–mind you. (યાદ રાખો.) બીજાની વાત જુદી છે. રાષ્ટ્રપ્રશ્નોનું નિરાકારણ મેં આણ્યું છે. કાલે હીંદને સ્વાતંત્ર્ય મળશે તો તે કોને લીધે ? મારા જેવાને લીધે, અને છતાં ? શું ? હું બ્રહ્મચારી કદી રહ્યો નથી. અને રહેવાનો નથી. શા માટે મારે રહેવું જોઇએ ?

મુરલીધર

અહીંયા છુટકો નથી, મોટાભાઇ !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

( દાંત પીસીને ) કેમ ?

માધુભાઇ

મોટાભાઇ ! તમે રંજોગુણી છો. તમે આંખે દેખતા નથી. પરમાત્મા જુઓ. સ્ત્રી છે કે પુરુષ ? આત્મા જુઓ. સ્ત્રી છે કે પુરુષ ? તમે ભ્રમમાં છો, બેરીસ્ટર સાહેબ ! આ મીસ્તર પંડિત એની સ્ત્રીને ચહાય છે; આ મીસ્તર નરોતમ એની વચનદત્તાને ચહાય છે; આ ગંગાદાસ એની સ્ત્રીની ફીકર કરે છે. આ બધા મગજના કપાસીઆં ઘસી નાખે છે, ને આવરદા ટુંકું કરે છે. હવે જો એ બ્રહ્મચર્ય સાધે—(નીરાંતે પગથીઆ પર બેસે છે.)

મોટાભાઈ

પણ I tell you ( હું કહું )—

માધુભાઇ

તમે બધા જો માનસિક બ્રહ્મચર્ય સાધો તો તાંબા જેવું તમારું શરીર થાય. હું જામીનગીરી લખી આપું. જુઓ આ મારા ગુલાબચંદભાઇ. બે વર્ષ થયાં એ મારા બ્રહ્મચર્યાશ્રમમાં છે. ઘરડાપો જઇ જુવાની આવવા માંડી છે; કાલે ધોળા વાળ કાળા થશે; વરસ દહાડો રહીને એમને નવા દાંત ઉગશે. જુઓ મારા દાંત. મને સત્તાવાન થયાં (દાંત બતાવે છે.)—એકેએક અણિશુદ્ધ છે. હરિનો મારગ છે શૂરાનો...

મોટાભાઇ

ડાકટર ! તમારાં શાસ્ત્ર હું માનતો નથી. શું સમજ્યા ? હું માનતો નથી. શું સમજ્યા ? હું માનતો નથી. મેં દુનીઆ જોઈ છે. યુરોપ સાત વાર જોયું છે. મારો અનુભવ જુદો છે બોખા બનવું પરવડે, બ્રહ્મચર્ય સાધવું નહીં પરવડે.

માધુભાઇ

ખોટી વાત. દાંત દુખવા દો પછી ખબર પડશે. આ મીસ્તર પંડિત stt એક રોટલી પચાવી શકતા નથી. આ ગંગાદાસ શેઠ માનસિક અગવડ જરા વેઠી શકતા નથી. આ મીસ્તર નરોતમ આધ્યાત્મિક દૃષ્ટિ કેળવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકતા નથી. આ બધાનું કારણ એકજ છે. જાગતાં ને ઉંઘતાં, બૈરી ને બૈરી ઝંખે છે. હવે જુઓ મારા ગુલાબચંદભાઈ—એમને બૈરીનું નામ પણ સ્વપ્નામાં પુછો તો નહીં આવડે. આ પ્રોફેસર પરણવા સારુ કન્યા શોધતા હતા; આખરે મારું માન્યું ને સ્ત્રીની શોધ કરવા કરતાં અમરત્વ મેળવવું એમને ઠીક લાગ્યું.

**મુરલીધર**

ડાકટર, એટલું તો ખરું કે તમારા કાર્યક્રમથી મારી ચિંતા તો ઓછી થઈ છે.

**નરોતમ**

( કુદવાનું છોડી પાસે આવે છે. ) આ જેલને માટે તો મને પણ ડાકટરની યોજના ઠીક લાગે છે.

**ગંગાદાસ**

( પેટ ચોળીને ) મારો પત્તો હજુ લાગ્યો નથી.

**માધુભાઇ**

( હસીને ) લાગશે. શ્રદ્ધા ફલતિ સર્વત્ર. તમે આ માધુનું લેસન કર્યું નથી તેમાં તમારો પત્તો લાગતો નથી.

**ગંગાદાસ**

ડાકટર, આ મોટાભાઇને રસ્તો સુઝાડો. એ પણ એમની રાધીને ઝંખતા હતા.

**મોટાભાઈ**

( મીજાજથી ) ગંગાદાસ ! I tell you don't be silly. ( હું કહું છું મૂર્ખ ન થાઓ. )

**મુરલીધર**

મોટાભાઇ ! જુઓ, આઠ મહીના સુધી આપણે એક બીજાને કપાળે ચોટયા છીએ. અહીંયા મોજ્મો જળવાય એમ નથી.

**માધુભાઇ**

મોટાભાઇ ! ગભરાશો નહીં. તમારી ને રાધીની ભાઇબંધીની વાત તો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુંબાઇના ચલીઆં પણ જાણે છે. તમે પણ પણ દરદીછો; જેને સ્ત્રી સંબંધી કાંઇ પણ મુશ્કેલી હોય તે મારો દરદી.. મેં ત્રીશ વર્ષ એ મુશ્કેલીઓનો અભ્યાસ કર્યો છે ને મારી જડીબુટ્ટી અજમાવી છે. બધાની એકજ જડીબુટ્ટી. હરિનો મારગ છે શૂરાનો--

### મોટાભાઈ

જહાન્નમમાં ગયું તમારૂં બ્રહ્મચર્ય !

### મુરલીધર

આ કીસ્સો નકામો નથી, હોં મોટાભાઈ ! જરૂર પડયે અજમાવા જેવો છે. મને પહેલાં બહુ ફીકર થતી હતી. પણ હવે ડાકટરની દવા ઠીક ખપમાં આવી છે.

### માધુભાઈ

આ નરોત્તમને પુછો. એને પહેલાં ઉંઘ નહોતી આવતી.

### નરોત્તમ

ઉપાય છે મૂર્ખાઇભરેલો પણ અસરકારક.

### મોટાભાઈ

બધાંને મારી જડીબુટ્ટી લાગી છે.

### મોટાભાઈ

પણ આ જેલમાંથી છુટીશું કયારે ?

### નરોત્તમ

બાર મહીના પહેલાં નહીં--

### ગંગાદાસ

અરે આવતે મહીને--

### મોટાભાઇ

પણ I can't understand this. (હું આ સમજી શકતો નથી.) મને રાખીને મળવા નહીં દે! What nonsense! ( કેટલી મુર્ખાઇ )

### માધુભાઇ

મીસ્તર મોટાભાઇ ! પાછા નારીની જાળમાં ફસાયા ! ગભરાઓ નહીં.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારા સદ્ભાગ્યે તમે આ માધુની સાથે છો. કેટલા આઠ મહીના--

### મોટાભાઈ

છ અને ત્રણ—નવ મહીના-

### માધુભાઇ

એ વળી વધારે સારું.

### મોરલીધર

ડાકટર ! તમે તો બાવા જેવા છો એટલે તમને તો સારુંજ લાગે.

### માધુભાઈ

મારા વહાલા પંડિત ! જો પાછા વ્યગ્ર થયા ? મારું લેસન—

### મોટાભાઈ

ડાક્ટર ! તમારી જડીબુટ્ટી શી છે ?

### માધુભાઇ

મારી જડીબુટ્ટી ! ઘણીજ સાદી. પહેલાં આદર્શ સમજો. મન વાણી ને કર્મે સ્ત્રી વીસરી જાઓ. Woman does not exist. ( સ્ત્રી હયાતીજ ધરાવતી નથી. ) આ સિદ્ધિ જેણે સાધી તે બ્રહ્મમય–બ્રહ્મચારી –અરે પરબ્રહ્મ પોતે.

### મુરલીધર

કહેવું સહેલ છે, પણ કરવું કપરું છે.

### માધુભાઇ

( હસીને ) પંડિતજી ! અશ્રદ્ધાને દૂર કરો.

### મોટાભાઇ

But this is nonsense! (પણ આતો અક્કલ વિનાનું છે.) હું બધે ફર્યે છું. દુનીઆના દેશે દેશની સ્ત્રી મેં જોઈ છે. શું કહ્યું ! મેં–જાતે. સ્ત્ર સર્વત્ર છે, સર્વવ્યાપી છે.

### મુરલીધર

Right. (ખરી વાત.) પુરુષ છે તે સ્ત્રીમાં ને સ્ત્રી વડે છે. પણ ડાકટર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કહે છે તેમ પુરુષના દુ:ખ પણ સ્ત્રીથી શરુ થાય છે, અને તેની નિર્બલતા પણ સ્ત્રીથી જ વધે છે.

છોટુભાઇ

કવિ ભાલણ પણ એવું જ કૈં કહી ગયો છે :

નારી વિના મિથ્યા અવતાર, સ્ત્રી પાખી સુનો સંસાર;
નારી વિના સુનું શ્મશાન, નારી વિના મંદિર ઉજ્જાન.

માધુભાઇ

એ તદ્દન ભ્રમ છે. હું નારી વિના રહ્યો છું, પણ મારો સંસાર સુનો નથી. તમે બધા આ મહીનો થયાં રહ્યા છો; અહીંઆં શ્મશાન તો કે લાગતું નથી ! આ તો સ્ત્રીઘેલાઓએ જોડેલાં નિર્બળતાનાં સૂત્રો છે. 'હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.'

ગુલાબચંદ

દરેક શાસ્ત્રમાં નારીને પ્રત્યક્ષ રાક્ષસી કહી છે.

મોટાભાઇ

પણ ડાકટર, તમારી જડીબુટ્ટી શી છે તે તો કહો. Is hould like to bear. ( મારે સાંભળવી છે. )

માધુભાઇ

જડીબુટી સહેલી છે. સ્ત્રીનું નામ ને નીશાન જીવનમાંથી કાઢી નાંખવું.

વોર્ડર

( આવીને ) ડાકટર સાહેબ ! ચલો, આપકું મીલનેકે લીએ લોગ આયે હૈ.

મદ્દુભાઇ

( હસીને ) મૈ અભી આયા.

ગંગાદાસ

ડાકટર ! જેલરને પુછતા આવજો કે મારે ઘેરથી કાગળ આવ્યો કે નહીં.

નરોત્તમ

ડાકટર ! ને મારો કાગળ મોકલી આપવાનું કહેજો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભગવાનદાસ**

ને ડાકટર ! મારે ત્યાંનાં કાંઇ ખબર અંતર--

**માધુભાઇ**

વારુ ! વારુ ! મારો પ્રયોગ અજમાવો. ચાલ દીકરા માધુ ! (માધુભાઇ ને વોર્ડમાં જાય છે. )

**મોટાભાઇ**

પંડિત ! મન તો સ્પષ્ટ લાગે છે કે આનું કૈં ખસ્યું છે. He talks like a lunatic. ( એ ગાંડાની માફક વાત કરે છે. )

**મુરલીધર**

ના, ડાકટર ગાંડા નથી. એની વાતમાં ભાવના પણ છે ને વૈજ્ઞાનિક અનુભવનું બળ પણ છે. મેં એમની સાથે ઘણી વાત કરી છે.

**ગુલાબદાસ**

( તકલી કાંતતા ) ડાકટરની વાત તદ્દન ખરી છે. મને તો બે વર્ષનો અનુભવ છે, હું તો એના મંત્રથી નવે અવતારે આવ્યો છું.

**નરોત્તમ**

No. ( ના. ) એ કહે છે તેમાં અર્થ છે. હું અહીંઆં આવ્યો ત્યારે મને એક મીનીટ ઉંઘ નહોતી આવતી; ડાકટરને પ્રતાપે હવે આવવા લાગી છે.

**મોટાભાઇ**

It is pure nonsense ! I tell you. ( એ તદ્દન અક્કલ વગરની વાત છે. હું કહું. ) હું જાતઅનુભવથી કહું. સ્ત્રી વગર જીવન શકય નથી. ) listen, ( સાંભળો, ) માણસ અમર કેમ થાય ? Absurd ! ( બેહુદી વાત ! )

**મુરલીધર**

લોકો બ્રહ્મચર્યથી ચિરંજીવી ને સશકત તો થાય છે.

**છોટુભાઇ**

મહાત્માજીની બુદ્ધિ એનાથી જ ખીલી છે.--

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગુલાબદાસ

થોડું કર્યે આટલું થાય, તો સેવન સંપૂર્ણ કલાએ પહોંચે તો માણસ અમર પણ થાય.

ગંગાદાસ

ડાકટર પોતે તો નવજુવાન જેવા છે.

મોટાભાઈ

પણ એની જડી બુટ્ટી શી છે ? Let me see. ( મને જોવા દો. )

ગંગદાસ

હા. અહીંઆં છો એટલો વખ્ત તો પ્રયોગ કરો. નાહ્યા તેટલું પુણ્ય.

મુરલીધર

એનું પ્રથમ પગલુ વિદેહી થવાની સાધના કરવી.,

મોટાભાઇ

એટલે ?

મુરલીધર

જુઓની ડાકટરનો પોતાનો દાખલો. એ પોતાની જાતને એક જુદો આધુ હોય એમ ગણે છે. એ પ્રકારની વૃત્તિ સ્ત્રી સંબધ રાખવી.

મોટાભાઇ

I don't understand a word. ( હું એક અક્ષર સમજતો નથી.)

મુરલીધર

Just see. ( જુઓ. ) મને મારી સ્ત્રીની ચિંતા થયાં કરતી. ડાકટરે મને પહેલો વિદેહી પાઠ આપ્યો. મેં જરાક વિચાર કરવા માંડયા કે મીસીસ પંડિત મારી સ્ત્રી નથી, બીજાની છે; તે જીવતી નથી, પણ મરી ગઇ છે.

મોટાભાઈ

What ? ( શું ? )

મુરલીધર

હા. મારી સ્ત્રી નહીં, પણ મારા મિત્ર મુરલીધર પંડિતની સ્ત્રીને વાગ્યું છે. એ દહાડા મેં એમ વિચાર કર્યો ને મને નીરાંત વળવા માંડી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### નરોત્તમ

મારો દાખલો લો. મારું પરણાવાનું નકકી હતું ને હું મારી પ્રિયતમાની મરજી વિરુદ્ધ સત્યાગ્રહમાં જોડાયો. હવે હું અહીંઆં બેઠો બેઠો ગુસ્સો કેમ ઉતારું ? મારા કચવાટનો પાર નહોતો. અમારા ડાકટરની સલાહથી મેં વિચાર કરવા માંડયો છે કે એ પ્રિયતમા નરોત્તમ નામના કોઈ બીજા માણુ-સની છે.

### છોટુભાઇ

પણ મારી વાત લો. હું કન્યા શોધતો હતો. ડાકટરની સલાહથી મેં સંકલ્પ કર્યો છે, કે કોઇ મૂર્ખ છોટુ કન્યા શોધતો હતો. એટલે હું મારી ચિંતામાંથી તદ્દન મુકત થયો ને હું એ અકલહીણા છોટુની મૂર્ખાઇ પર હસવા બેસું છું.

### મોટાભાઇ

પણ તમે બધા ગાંડા તો નથી થયા ? જુઓ. હું practical ( વ્યવહારુ ) છું. મને આ વાત ગાંડી લાગે છે.

### ભગવાનદાસ

( જે નિરાશામાં આકાશ સામું જોતા હતા તે: ) હું કયારનો વિચાર કરું છું કે ભગવાનદાસની બૈરી જડતી નથી. પણ મારો પત્તો લાગતો નથી.

### ગંગાદાસ

મારી મુશકેલી જુદી છે. મારી સ્ત્રી માંદી છે. મારી એક મિત્ર વિલાયત ગઈ છે. મારી બીજી સ્ટેજ પર છે. હું કેટકેટલા ગંગાદાસની કેટકેટલી મિત્રાનો વિચાર કરું ? અને સાળું આ જેલનું ખાવાનું એવું ખરાબ છે !

### મુરલીધર

પણ મોટાભાઇ ! તમારે આ કરવાની જરુર નથી

### મોટાભાઇ

I ? Why shou'd I ? ( મારે ? મારે શા માટે ? )

### ગંગાદાસ

(ખડખડ હસીને)તમારે તો સાથી બીજાની થઇ એમ કલ્પવાની જરુરજ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

Don't be silly ! (મૂર્ખો ના થા!) એ એવી નથી. ને મારા જેટલું કોણ એને આપવાનું છે? અને હું એવું કલ્પવા જાઉં તો મારી અદેખાઇનો પાર રહે નહીં You see? ( સમજ્યા ? ) કોઈ મારું થાય એ મને ગમે. મારું કોઇ બીજાનું થાય એ મને ન ગમે.

ગુલાબદાસ

તો બીજો પાઠ લો. મને બીજા પાઠે સારી અસર કરી હતી.

મોટાભાઇ

બીજો પાઠ! I ? no ! ( હું ? ના ! ) હું એકે પાઠ કરવાનો નથી.

ગંગાદાસ

તમને સરસ પડશે. ને સાથે તમારો ઉદ્ધાર થશે.

ગુલાબદાસ

જુઓ. નારી તરફની તમારી લાગણી હોય તો, તે શૃંગારનાં પદો ગાઇ રાધાકૃષ્ણને અર્પણ કરો. તમારૂં મગજ સ્વચ્છ થઇ જશે.

ગંગાદાસ

( એક આંખ મીચીને ) મોટાભાઈ! ને જો એ ભક્તિપાઠ ન બને તો ત્રીજો પરમહંસ પાઠ કરો. એ તમને રુચશે.

મુરલીધર

( હસીને ) હા. એ મોટાભાઇને ગમશે.

મોટાભાઇ

એ શો પાઠ છે ?

મુરલીધર

તમારી જાતને તમારી પ્રિયતમા માની લો.

ગંગાદાસ

લો આ ડાકટરસાહેબ એજ પાઠ કરતા આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### માધુભાઇ

(હસતા હસતા અંદર આવે છે ને સ્ત્રીનો લટકો કરે છે.) પ્રિય માધુ! My love! (મારી પ્રિયતમા!)

### મુરલીધર

ડાકટર! આ મોટાભાઇને પરમહંસ પાઠની વાત કરતા હતા.

### મોટાભાઇ

પણ એને પરમહંસ પાઠ કેમ કહો છો.?

### માધુભાઇ

My Dear (મારા વહાલા) મોટેરા! એ રામકૃષ્ણ પરમહંસે સાધ્યો હતો માટે. થોડા વર્ષ એ પોતે સ્ત્રી વેશે રહ્યા હતા. તો બ્રહ્મચર્ય કેળવવા તમે એ પ્રયોગ કેમ નહીં કરો? તમેજ તમારી પ્રિયા! આત્મન્યેવ આત્મના તુષ્ટઃ–પછી નીરાંત. ધીમે ધીમે મનોવૃત્તિ નિર્વિકાર થઇ જશે ને બ્રહ્મચર્યની સિદ્ધિ થશે.

### મોટાભાઇ

Now see? (આમ જુઓ.) મને લાગે છે કે તમે બધા મને બનાવો છો. આવી insane (ગાંડી) વાત મેં કદી સાંભળી નથી.

### માધુભાઇ

મોટેરા! જન્મ ધરીને મેં મજાક નથી કરી. હું ગાંડો લાગું છું? તમારી ભુલ છે. મારો પ્રયોગ અજમાવો તો આઠ મહીનામાં આ આંખે ચાઠાં પડયાં છે તેને બદલે બ્રહ્મચર્યના તેજથી ચમકશો. આ પ્રયોગ માટે મેં મારી બુદ્ધી, કીર્તિ ને પૈસાનો ભોગ આપ્યો છે.

### મોટાભાઇ

આવું આવું સમજીને પૈસા કેટલાએક ખોશો?

### માધુભાઇ

મારા દોસ્ત! તમે આ માધુને ઓળખતા નથી. આજે મારી મીલકતમાં મારું બ્રહ્મચર્ય ને મારો આત્મા. હમણાં મારા મિત્રો આવ્યા હતા તેને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેં મારી આખી મીલકત ટ્રસ્ટમાં આપી દીધી એ મીલકતમાંથી ચાંદોદ આગળ, રેવાને તીરે એકાંત ટેકરી પર આવો એક બ્રહ્મચર્યાશ્રમ બંધાશે. ત્યાં હું ને તમારામાંથી જેને બ્રહ્મચર્યના પ્રયોગમાં શ્રદ્ધા હશે તે બધા રહેવા જઇશું. આવી ભીંતોથી સુરક્ષિત, આપણે અડગ બ્રહ્મચર્યની તીવ્ર સિદ્ધિ કરીશું.

**ગંગાદાસ**

પણ એમ ક્યાં સુધી રહેવું ?

**માધુભાઇ**

ક્યાં સુધી ? ગંગાદાસભાઇ ! ભુલ્યા. એ સિદ્ધિથી આપણે વજ્ર જેવા અભેદ્ય બનીશું. એ અભેદ્યતામાં અમર એવા આપણને કાલની શી પરવા ? કાલનો સ્રોત આપણા સનાતન જીવનના સાગરમાં સમાઇ જશે. હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને.

**મોટાભાઇ**

Listen ( સાંભળો ) ડાકટર ! હું તમારા સિદ્ધાંતમાં માનતો નથી.

**માધુભાઇ**

માનશો. છુટકો નથી. કારણ કે મારો સિદ્ધાંત સત્ય ને સનાતન છે.

**મોટાભાઇ**

તે તો કોણ જાણે. પણ તમારી બોલવાની રીત પયગંબરી છે.

**માધુભાઇ**

પયગંબરી ! મારા વહાલા મિત્રો ! આ માધુનાં હાથ સામું જુઓ. સત્તાવન વર્ષે આ રગોમાં સત્તર વર્ષના યુવકનું લોહી ધસે છે. આ માધુ અજ્ઞાન કે શ્રદ્ધાળુ નથી. એ વેદીઓ ઢોર નથી; એમ. ડી. એફ. આર. સી. એસ. છે; વૈદકના વિષયનો ઉંડો અભ્યાસી છે. પૂર્વ ને પશ્ચિમની વિદ્યાનો એણે સંયોગ કર્યો છે. એટલે અવિશ્વાસ આણવાની જરુર નથી. ઋષિમુનિઓ જ્યાં ફાંફાં મારતા હતા ત્યાં એણે નવી શોધ કરી છે. એણે યમને જીત્યો છે. દોસ્તો ! દુઃખાર્ત જગત્ દીન વદને યાચી રહ્યું છે. આ માધુ તેને દાન દેશે—લો બ્રહ્મચર્ય. ( બધાને ભેટ આપતા હોય તો તેમ હાથ કરે છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### નરોત્તમ

( ઉંડો વિચાર કરીને ) પણ ડાક્ટર ! આપણે બ્રહ્મચર્યાશ્રમમાં રહીશું તો પછી મારી નીલમનું શું ?

### માધુભાઈ

Oh ! don't worry. ( ઓહ ! તેની ફીકર ન કરો. ) હરિનો મારગ છે શૂરાનો. હમણાં આ માધુ સ્ત્રીઓના બ્રહ્મચર્ય વીશે નવા સિદ્ધાંતો શોધી રહ્યો છે. આપણા આશ્રમથી થોડે દૂર સ્ત્રી બ્રહ્મચર્યાશ્રમ કરવો કે કેમ તેનો એ વિચાર કરે છે.

### મુરલીધર

એ ઠીક પડશે. મારાથી મારી wife ( પત્ની ) ને મળાશે.

### માધુભાઇ

Now, now ! બસ બસ ! પાછી વાત ચરકી. પંડિતજી ! તમને સ્ત્રી નથી. પેલા મુરલીધર પંડિતને સ્ત્રી છે. તમે તો બ્રહ્મચારી છો.

### મોટાભાઇ

પણ ડાકટર, સાંભળો ! Teke me. (મારો દાખલો લો.) જુઓ. હું વ્યવહારી માણુસ છું. Now between you and me ( આપણા બે વચ્ચેજ. ) જુઓ, હવે મને સાંભળો—રાધી ગમે તેની થાય એ મને પસંદ નથી. See ? ( સમજ્યા ? ) હવે એક સ્ત્રી જે મારી—

### માધુભાઇ

( બે હાથ વીંઝીને ) Now! now ! now ! (બસ ! બસ ! બસ !) મીસ્તર મોટાભાઇ ! તમે નકામી વાત કરો છો. સ્ત્રી મારી ને તારી-એ ભ્રમ છે. સ્ત્રી કોઈની નથી. સ્ત્રી આપણા જેવી માણુસ નથી. સ્ત્રી એક પ્રકૃતિનું બળ છે-નાયગરાનો ધોધ છે. જેમ નાયગરાનો ધોધ સખત પથ્થરને ભેદી નાંખે છે તેમ સ્ત્રી સખતમાં સખત પુરુષને ભેદી નાંખે છે એ નાયગરાનો ધોધ કોઇનો હતો નહીં, છે નહીં, થવાનો નથી. તમારો ભ્રમ ત્યાગો. એ પ્રચંડ બળને ઓળખો ને છોડો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

You are right perhaps ( તમે કદાચ ખરા છો ) રાધી જરા નાયગરાના ધોધ જેવી છે.

મુરલીધર

ડોકટર તમારું આ દૃષ્ટિબિંદુ મારે ગળે નથી ઉતરતું. દુનીઆમાં અનેક પ્રકારની સ્ત્રીઓ છે.

ગંગાદાસ

તદ્દન ખરી વાત છે.

માધુભાઇ

શું ધુળ ખરી વાત? સ્ત્રીઓનો એકજ પ્રકાર છે. માનવ જાતિને અમર કરવાનું એ સાધન છે તમે અમર થઇ જાઓ એટલે પછી એ સાધન નકામું—ફેંકી દેવાનું.

ગુલાબચંદ

આપણા શાસ્ત્રકારો એમજ કહી ગયા છે.

માધુભાઇ

પણ શાસ્ત્રકારોએ તો માત્ર કહ્યું છે; આ માધુએ તો સિદ્ધ કર્યું છે. ગભરાઓ નહીં, આપણે અમર થવા સરજાયા છીએ.

મુરલીધર

ગમે તેવો છે, પણ એ પ્રયોગ કરવા જેવો છે.

માધુભાઇ

અરે પ્રયોગ તો આ થઈ રહ્યો છે.

ગંગાદાસ

સ્ત્રી વગરની દુનીઆ તો આપણે જોઇ રહ્યા છીએ.

નરોત્તમ

ખોટી તો નથી. મારું શરીર સેંડો જેવું થતું જાય છે.

માધુભાઇ

That's it! that's it! ( બરાબર એમજ છે—એમજ છે. ) અરે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમારા શરીરમાંથી તાજા લોહીના ફુવારા ફુટશે. દોસ્તો ! શંકરે તો એક રતિને બાળી મૂકી. આ માધુ તો એક રતિ માત્રને રહેવા નહીં દે. મોટાભાઇ ! તમે પણ આ પ્રયોગ શરુ કરો.

### મોટાભાઇ

( પગ ઠોકીને ) Damn ! (જહાન્નમમાં જાય એ !) આજ રાત કેમ જશે ?

### માધુભાઇ

( એક આંખ મીંચીને બૈરીનો લટકો કરી ) તમેજ તમારી પ્રિયા છો એમ માનજોને એટલે ઝપ રાત જતી રહેશે. દોસ્તો ! બ્રહ્મચર્ય સાધો. ( ઉઠ બેસ કરતાં ) હરિનો મારગ છે શુરાનો, નહીં કાયરનું કામ જોને.

[ પડદો પડે છે. ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અંક બીજો

[ **સમય** : દશ **મહીના** પછીની એક સવાર.

સ્થળ : ચાંદોદથી થોડે દૂર આવેલો બ્રહ્મચર્યાશ્રમ. આશ્રમની આસ-પાસ જેલના જેવીજ ઉંચી ભીતો છે. એની કોટડીઓની ગોઠ-વણ પણ તેવીજ છે. કંપાઉંડમાં પાંચ છ નેતરની ખુરશી પડી છે. એક ખુરશી પર એક પુસ્તક વાંચતો નરોત્તમ બેઠો છે. તેનો પહેરવેશ પહેલાં હતો તેવોજ છે, પણ એનું શરીર વધારે મજબુત ને તેજસ્વી દેખાય છે.

ખાટલા પર બેસીને ગુલાબચંદ ચરખો ફેરવે છે. એ પણ વધારે સશક્ત ને જુવાન થયા હોય એમ લાગે છે.

થોડે દૂર ખુરશી પર બેસી છોટુભાઈ કૈં લખે છે. એ જરા જાડા થયા લાગે છે. એક ખુણે ઉભા ઉભા ભગવાનદાસ તક-તામાં મોઢું જુએ છે.

મોટાભાઈ મોટા પાયજામા સુટમાં આવે છે. તેમના પણ હાડકાં પુરાયાં લાગે છે. તેમનો ચહેરો પ્રફુલ્લ છે અને કાલ્પનિક ટેબલ પર કાલ્પનિક 'કયુ' વડે તે બીલીઆર્ડ રમે છે. ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

( કાલ્પનિક કયુ વડે બીલીઆર્ડ રમતાં ) Seventy–seventy-five I say Chhotubhai ! listen to me I am feeling great.

છોટુભાઇ

( કાગળમાંથી માથું ઉંચું કરતાં ) મોટાભાઇ ! અત્યાર સુધી આપણે માણસ હતા: હવે આજથી આપણે દેવ છીએ.

નરોત્તમ

મોટાભાઇ ! આપણા ડાકટરનો પ્રયોગ અદ્દભુત છે. (ઉંડો શ્વાસ લઇને) I feel like a Greek god, free, perfect immortable. (હું જાણે ગ્રીક લોકોનો દેવ હોઉં તેવું લાગે છે: સ્વતંત્ર, સંપૂર્ણ, અમર.) આજે નીલીમને છેલ્લો કાગળ લખી દીધો. આજે આ હોમરનાં રહસ્ય સમજાય છે.

મોટાભાઇ

નરોતમ ! હેલન ઓફ ટ્રોયનાં પણ રહસ્ય સમજાય છે કે?

નરોત્તમ

મોટાભાઇ ! તમને સ્રીની વાત કર્યા વિના ચાલતું નથી.

મોટાભાઇ

પણ surely ( ખરેખર ! ) હું બીજું કૈં ન કરું એ તો ઠીક, પણ હેલન ઑફ ટ્રોયની વાત પણ નહીં કરું ! My dear fellow ! ( મારા વહાલા દોસ્તો ! ) મેં રાધીનો પગાર બંધ કર્યો છે. I want to be immortal. (મારે અમર થવું છે.) પણ હેલન વીશે તું વાંચે ત્યારે હું વાત નહીં કરું ?

નરોત્તમ

( શારીરિક અપૂર્વતાના ઉલ્લાસમાં ) હા. હેલન ઑફ ટ્રોયનો ઘણી વખત વિચાર આવે છે. ‘ Divinely tall and most divinely fair. (દિવ્ય લાગે એવી ઉંચી અને અતીવ દિવ્ય લાગે એવી ગોર.) ટેની-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સન કહે છે તેમ આજે મારુ ગ્રીક ભણ્યું સાર્થક થયું. મારા જેવા સૌંદર્ય સેવી આજકાલની સ્ત્રી પર મોહ્યો કેમ તે મને સમજાતું નથી.

મોટાભાઇ

પણ તારી નીલમ તો ફક્કડ છે.

નરોત્તમ

Well એક રીતે ખરી વાત પણ—

ભગવાનદાસ

કોઈ માણસ કોઇ સ્ત્રી પર મોહી કેમ શકે એ મને સમજાતું નથી. જ્યારથી મને ભાન થયું ત્યારથી હું વીસ વર્ષનો વીર બની ગયો છું. (વાળમાં તેલ નાખે છે. બારણામાંથી ડાકટર પંડિત ને ગંગાદાસ હસતા હસતા આવે છે. ત્રણે જણ પહેલા અંકમાં હતા તેનાથી જુવાન ને તેજસ્વી બન્યા છે.)

માધુભાઇ

દીકરા ! આજે તેં નવયુગ સ્થાપ્યો છે, દીકરા મારા !

મોટાભાઇ

Well શું થયું ?

મુરલીધર

શું શું ? મીસીસ પંડિતે બહુ પ્રાર્થના કરી પણ હું તો મક્કમ રહ્યો. હવે હીંદ સ્વતન્ત્ર થયું છે એટલે એને બહાર ઘણું કામ કરવાનું છે. એટલા સમયમાં હું આ મહાન પ્રયોગ કરું.

માધુભાઇ

પહેલાં તો બહુ મુશ્કેલી પાડી, પણ પછી કબુલ્યું. ગંગાદાસની પત્નીએ પણ માન્યું. એની બહેનપણીઓએ જરાક મુશ્કેલી પાડી. ગંગાદાસ ! તમારા મિત્રો ફક્કડ છે.

ગંગાદાસ

એ તો કે આધ્યાત્મિક રીતે રસિક છું તેમાં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### માધુભાઇ

(હરખમાં હાથ ઘસતાં) આજે ધન્ય દિવસ છે. આપણે નવમાનવતાનો આજે પ્રારંભ કર્યો છે.

### મોટાભાઇ

Listen ! ( સાંભળો ! ) નવમાનવતાનો આરંભ નહીં. See ! Look at me (મારી સામું જુઓ.) નવમાનવતા સિદ્ધ થઇ છે.

### માધુભાઇ

મોટાભાઇ ! ગંગાદાસ ! દોસ્તો ! આ માધુના ત્રીસ વર્ષના સંકલ્પો ફળ્યા. હીંદ સ્વતંત્ર થયું; સ્વતંત્ર હીંદમાં નવમાનવતા નું આ માધુએ ખાત મુહુર્ત કર્યું. આપણાં પાંચ વર્ષનાં વ્રત પુરાં થશે, એટલે સિદ્ધ બ્રહ્મચારીઓનુ આપણું સૈન્ય અમરતાનો મંત્ર શીખવવા અવનીમાં બહાર પડશે, દોસ્તો પછી માનવી એ સનાતન દેવ થશે. સ્ત્રીવીહોણો, જંજાળ વિનાનો, યમને તિરસ્કારતો એ દેવ અમરદેહે દીપતો પૃથ્વી પર સંચરશે.

### મુરલીધર

પાંચ વર્ષ લાંબો સમય છે. તે પહેલાં તો આપણે કયારના સિદ્ધ બ્રહ્મચારી થઇ જઇશું.

### ગંગાદાસ

અરે એક વર્ષમાં તો જોજો.

### માધુભાઇ

દેવો ! દેવો ! પછી દોસ્તો, વિશાળ પૃથ્વી પરથી રોગ, જરાને મૃત્યુ જતાં રહેશે. ત્યારે દેવને પણ દોહ્યલી એવી આ પૃથ્વી ખરેખર સ્વર્ગ થશે. કેમ બધાંને શ્રદ્ધા છે ને ?

### નરોત્તમ

( ચોપડી મુકી ઉભો થાય છે. ) મને પૃથ્વી અત્યારથી સ્વર્ગ જેવી ભાસે છે.

### મોટાભાઇ

સ્વર્ગની વાત તો કોણ જાણે. See ? ( સમજ્યો ? ) મને તો પૃથ્વી ગમે છે. પણ એક બીલીઆર્ડ ટેબલ જોઇએ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**માધુભાઇ**

આવશે, આવશે. આ માધુ આજેજ કાગળ લખી દેશે. આ માધુના ધનભાગ્ય છે. શી અડગતાથી પંડિતે અને ગંગાદાસે એમનાં પત્નિઓને વળાવ્યાં ! એક વર્ષ સુધી તો ક્ષેત્રસંન્યાસ. હવે અખંડ બ્રહ્મચર્યનું નિરંતર સેવન. પ્રભુએ સ્ત્રી બનાવી સંસાર કર્યો; આપણે તેને સંસારની બહાર કરી. માધુ દીકરા ! હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને. ( ગાતા ગાતા જવા જાય છે. દાજી પટેલ એક ઓરડીમાંથી આવે છે. તે વૃદ્ધ અને દમીએલ પાટીદાર છે. તે અત્યારે થરથર ધ્રુજે છે. )

**દાજી**

કેમ બાપજી !

**માધુભાઇ**

કેમ દાજી ?

**દાજી**

( ધ્રુજતાં ) બાપજી ! મને તાવ આયો છ, ને ખોં થઇ છ, ખોં--ખોં. એક બે દી મારાથી કોમ ની થાઅ. આ હવારનો ધમું છું પણ હાહરાં લાકડાંજ ની હળગતાં.

**ગંગાદાસ**

હજી લાકડાં નથી સળગાવ્યાં ? તો ખાઇશું શું ?

**મોટાભાઈ**

Now Doctor, what is this ? ( ડાકટર આ વળી શું છે ? I tell you ( હું કહી દઉં ) ભુખે મરીને બ્રહ્મચર્ય નહીં સિદ્ધ થાય I can't remain hungry you see ? મારાથી ભુખ્યા નહીં રહેવાય, સમજ્યા ?

**નરોત્તમ**

આજે બે કલાક થયાંતો હું કસરત કરૂં છું. મારે પણ કૈં જોઇએ ખરૂં.

**માધુભાઇ**

Now ! Now ! Now ! I don't believe in hunger



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

strikes (જુઓ, સાંભળો. મને અપવાસમાં શ્રદ્ધા નથી. હસીને ) મિત્રો ! શાંતિ ! શાંતિ હમણાં ખાવાનું તૈઆર કરું છું. દાજી, તારો દીકરો ક્યાં ગયો ?

દાજી

બાપજી, એ તો શ્યીશ્યોદરે ગયો છ. કાલ શ્યાંજરે આવશ્યે.

માધુભાઇ

કૈં નહી. દોસ્તો ! આપણે રાંધી નાંખીશું. એમાં વાર કેટલી ?

મોટાભાઇ

Nothing of the kind ! ( એવું કૈં પણ નહીં ! ) હું રાંધું નહીં. Doctor, listen. (ડાક્ટર, સાંભળો. ) હું શું કામ બધું મુકીને આવ્યો છું ? અમર થવા. See ? ( સમજ્યા ? ) રધવારો થવા નહિ.

ગંગાદાસ

મેં પણ ખાઇ જાણ્યું છે, રાંધી જાણ્યું નથી.

મુરલીધર

રાંધવા કરતાં હું તો અપવાસ કરીશ.

માધુભાઇ

હું રાંધી નાંખત. પણ મને તો ચુલો ચેતાવતાં પણ નથી આવડતું.

છોટુભાઇ

મને તો એકલી ચહા કરતાં આવડે છે. બીજું કૈં નથી આવડતું.

માધુભાઇ

ગુલાબચંદભાઇને આવડે છે, નહીં ?

ગુલાબચંદ

આવડતું તો નથી, પણ પ્રયત્ન કરી જોઉં. પણ કોઇ ચુલો ફુંકો તો. હું ફુંકવા જાઉં તો મારી આંખો બઝડે.

ગંગાદાસ

એનો અર્થ એ કે પાંચ દહાડાનો ભુખમરો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

Oh damn ! I can't live ( હા ! જહાન્નમમાં જાય. આમ જીવાશે કેમ !) ભગવાનદાસ તમને કંઈ આવડે છે ?

ભગવાનદાસ

હું તો ભજીઆં કરી જાણું છું, બીજું કંઈ નહી.

નરોત્તમ

Oh God ( હે ભગવાન ! )

માધુભાઇ

હરિનો મારગ છે શુરાનો Yes ! ( હા ! ) હવે યાદ આવ્યું. આપણી પાસે દુધ બહુ છે. તે પીને રહીએ તો ?

ગંગાદાસ

Not a bit ! ( જરાપણ નહીં ! ) હું દુધ પીઉં તો મારું તો પેટ બગડી આવે.

નરોત્તમ

I will die ( હું મરી જઇશ )

કાજી

તે તો હદંતર ફાટીજ્યું.

મુરલીધર

Well ! હું દરખાસ્ત મુકું છું કે આપણે અપવાસ કરવો.

મોટાભાઈ

Nothing of the kind, see ? I refuse to starve. (એવું એવું કંઈ નહીં. સમજ્યા? ભુખે મરવાની હું ના પાડું છું.) ગાંધીજી અનુયાયીપદમાં ભુખમરાનો હું સમાવેશ સ્વીકારતો નથી.

નરોત્તમ

ધણુ શું કરવું ? હું તો ભુખે મરી ચાલ્યો.

(પેટ પરનો પટો ઠીક કરે છે.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માધુભાઈ

Now! Now! Now! માધુ દીકરા ! આ મુશ્કેલી આવી. દાજી ! આજનો દહાડો બીજું કોઇ રાંધી આપે એવું મળે નહીં ?

દાજી

( માથું ખંજવાળીને ) ભાઇ શાબ ! કોઇ નથી. હાં, મારી બોનની છોડી મારાં ઢેબરાં બનાવવા આઇ છે. કો તો લેઇ આવું. ઝપ દેઇને રાંધી દેસે.

મોટાભાઇ

Three cheers for the dearest of all girls I want her. ( સૌ છોકરીઓમાં પ્રિયમાં પ્રિય એવી છોકરીનો જય હો ! આપણને એનુંજ કામ છે. )

માધુભાઇ

(ગાંભીર્યથી) ના દાજી ! અમારે સ્ત્રી નહીં જોઇએ, પુરૂષ જોઇએ.

મોટાભાઇ

ડાક્ટર ! સાંભળો. આ સ્ત્રી નથી, છોકરી છે. એને બોલાવો.

ગંગાદાસ

અરે સ્ત્રી કે છોકરી. ખાવાનું તો કરી આપશે. હું ખાઇશ નહીં તો મને ભુખે ચક્કર આવશે.

માધુભાઇ

દોસ્તો ! આ માધુએ આટલાં વર્ષ ધુળમાં નથી નાંખ્યાં. દર્શનથી ચિત્ત હરી લેશે. નારી પ્રત્યક્ષ રાક્ષસી.

મોટાભાઇ

( મોનોકલ ચઢાવી ) Now doctor, listen ! Don't be a fool, my boy ! I say don't be a fool. (ડાક્ટર, જરા સાંભળો મૂર્ખા મા થાઓ. હું કહું છું. કે મૂર્ખા મા થાઓ.) હું કેવો છું.? આજે દશ મહીનાથી બ્રહ્મચર્ય પાળું છું. I–I–remember–I. (હું–હું. યાદ રાખો હું–) હવે તમે એમ માનો છો કે આટલા અભ્યાસ પછી એક ગામડીઅણને હું એક દહાડો જોઇશ—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માધુભાઇ

Now ! Now ! Now ! આ માધુની વાત સાંભળો. આજે જેમ તેમ કરી કાચું કોરૂં રાંધી કાઢીએ—

નરોત્તમ

( કેડે હાથ મુકીને ) ડોકટર ! તમે શું ધારો છો ? અમે કેવા છીએ ?

ગંગાદાસ

અમે ચારિત્ર્યવાન છીએ. આજે મેં સોના જેવી મારી સ્ત્રીને જવા દીધી અને એક પટલણ જોઇ અમે વ્રતભંગ કરીશું ?

નરોત્તમ

Pure and simple nonsense. ( તદ્દન કેવળ અર્થ રહિત વાત. )

મોટાભાઇ

( મોનાકિલ ગોળગોળ ફેરવતાં ) I say it is utter nonsense. see ? Unmitigated nonsense. Unadulterated nonsense. ( હું કહું છું કે એ બિલકુલ અર્થહીન વાત છે. સમજ્યા ? જરા પણ અર્થ વિનાની—અર્થના ગંધ પણ વિનાની. )

માધુભાઇ

Now ! Now ! Nonsense ( અર્થહીન વાત ) નથી. સાચુ કહું છું—

મુરલીધર

ડાકટર ! તમે અન્યાય કરો છો. એક હ્હાડામાં જો અમે સંયમ ચુકીશું તો પછી દુનીઆ જીતવા નીકળીશું ત્યારે શું થશે ?

માધુભાઇ

પણ ત્યારે તો તમારૂં મન દૃઢ થયું હશે.

મોટાભાઇ

Now doctor, listen ! (જરા સંભળો ડાકટર !) તમે અમારી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બદનક્ષી કરો છો. see ? ( સમજ્યા ? ) જો હું આજે બ્રહ્મચર્ય સેવવા નાલાયક હોઉં તો પાંચ વર્ષે પણ નાલાયકજ રહીશ—

ભગવાનદાસ

ડાકટરસાહેબ ! એનેજ બોલાવોને—

છોટુભાઇ

કૈં વાંધો નથી.

માધુભાઇ

માધુ દીકરા ! શું કરીએ ?

ગુલાબચંદ

ડાકટરસાહેબ ! હરકત નથી.

માધુભાઇ

ઠીક જા, દાજી ! તારી ભાણેજને લઇ આવ.

મોટાભાઇ

That's right ( આ બરાબર છે. )

નરોત્તમ

જલદી હા. ભુખ લાગી છે ( ખુરસી પર બેસી ચોપડી વાંચવા માંડે છે. દાજી ખાંસી ખાતો જાય છે. )

માધુભાઇ

Now, my boys (ચાલો છોકરાઓ) હવે કસરત કરી નાંખો. આ માધુ હવે જરાક નાહીને આવે છે. કેમ પંડિતજી ખરૂં કે? આપણે મરણને જીત્યું છે, કારણ કે આપણે સિધ્ધ બ્રહ્મચારી છીએ.

મુરલીધર

એમ તો મને દરેક પળે ખાત્રી થતી જાય છે.

માધુભાઇ

મોટાભાઇ ! આજે તમે કેવા તેજસ્વી લાગો છો ? હરિનો મારગ છે સૂરાનો નહીં કાયરનું કામ જોને. ( જાય છે. મુરલીધર લખવા માંડે છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મોટાભાઇ**

નરોતમ see ? ( જોયું ? ) આપણે ભાગ્યશાળી છીએ. ( એક આંખ મીંચે છે. )

**નરોત્તમ**

કેમ ?

**મોટાભાઇ**

( હસીને ) કૈં નહીં, પણ અવારનવાર પતંગીઆં ઉડતાં દેખાય તો સારું.

**નરોત્તમ**

Don't be a fool ! ( મૂર્ખા ન થાઓ ) બ્રહ્મચર્યનું સેવન કરવાનાં આ લક્ષણ નથી.

**મોટાભાઇ**

( ખુરશી પરથી ઉઠીને ફરવા માંડે છે. ) Alright ! ( ઠીક ! ) તારી ટ્રોયની હેલનનું ભજન કર્યા કર. I say, પંડિત તમે શું કરો છો ?

**મુરલીધર**

હું ' સ્ત્રીઓ; અમરતમાં અંતરાય ' એ નામનું પુસ્તક લખવાનો વિચાર કરું છું.

**છોટુભાઇ**

પંડિતજી ! એ તો મને પણ સુઝયું હતું.

**ગંગાદાસ**

( ઓટલા પર બેઠા બેઠામાં વગાડે છે. ) મોટાભાઇ ! પેલું ગાયન આવડે છે કે ?

**મોટાભાઇ**

કયું ?

**ગંગાદાસ**

' રસીલો રસીલી ચાંદનીનો સમો સાખી
તજી સઘળા ઉપાધિ ગયા ઉપવનમાં–'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**મુરલીધર**

'ગુપચુપ વાતો કરે નેનનાં ઇસારા કરે—'

**ભગવાનદાસ**

ગંગાદાસ ! આ તમારું બ્રહ્મચર્ય કે ?

**ગંગાદાસ**

બ્રહ્મચર્યને અને ડાહ્યાભાઇના ગાયનને શો સંબંધ છે ?

**મોટાભાઈ**

( એકદમ ખુરશીના હાથા પર હાથ ઠોકી બારણા તરફ જાય છે. I say—( અરે હું કહું—)

(બધા બારણા તરફ જુએ છે. દાજી અને પેમલી આવે છે. પેમલી જાડી ને કાળી સત્તર અરાઢ વર્ષની છોકરી છે. તેનું મોઢું જરાક આકર્ષક છે ને તેની આંખો ચંચલ છે. તે હસતી ને શરમાતી આવે છે. )

**દાજી**

પેમલી ! જો આ પેલી ઓયડીમાં ચુલો છે ને ત્યોંકણે પાણીની ટાંચી છે. રોંધવાનો બધો શોમન ચુલા પાશ્યે પડયો છે. જા દીકરા ! ઝટ દઇને રોંધી નોંખ્ય. આ શેઠશાઓને ભુખ લાગી છે. હોં કે ! ઝલદી કરજે.

**પેમલી**

મોમા ! ફકર ન કરશો. રોંધી ટપ નાંહુ છ્ં.

**મોટાભાઈ**

દાજી પટેલ ! કૈં ઉતાવળ નથી. ( પેમલી સામું જોઇ નીચું નમી હસે છે. અને હસીને શરમાઇ ચાલી જાય છે. )

**ગુલાબચંદ**

( રેંટીઓ કાંતવાનું મુકીને ) દાજી ! તું હવે જઇને સુઇ જા. હું આ છોકરીને બધું બતાવું છું.

**દાજી**

હા, બાપજી ! જઇને હુઇ રહુ તો સારું. મારું તો દીલ ધીકે છ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

જા, જા, અમે છીએ ને. જરા ફીકર નહીં કરતો. ( પેમલી રસોડામાં જાય છે ને પાછળ ગુલાબચંદ ને મોટાભાઇ જાય છે )

ગંગાદાસ

આ છોકરીનું નામ શું કહ્યું ?

ભગવાનદાસ

મને શી ખબર ?

ગંગાદાસ

પંડિતજી ! આ તરફનાં બૈરાં જબરાં બહુ લાગે છે.

મુરલીધર

( વિચારમાંથી જાગતાં ) મને પણ હમણાં એજ વિચાર આવ્યો.

ભગવાનદાસ

તમે બંને તો એવાજ વિચાર કર્યા કરો છો ( પેમલી પાણીનું બેડું લઇ ત્યાંથી બીજી તરફ જાય છે. બધા તેની સામું જુએ છે. )

ગંગાદાસ

( એની પાસેથી પેમલી જાય છે ત્યારે ) બાઈ ! તારું નામ શું ?

પેમલી

( હસીને ) મારું નોમ પેમલી, ભાઇશાબ ! ( વાંકું જોઇને ) ભાઇશાબ ! તમારે ચ્યે ગોમ રેવું ?

ગંગાદાસ

( હસીને ) મુંબાઇ. તું મુંબાઇ કોઇ દિવસ ગઇ છે કે ?

પેમલી

( લટકો કરીને ) ના, બા, પણ મારી મશીઆઇ બોનનો હાહરો તો ચાકરી કરે છે. તેનું નામ રઘો. તમે ઓળખો છ ?

ગંગાદાસ

( નીસાસો નાંખી ) ના. ( પેમલી ચાલી જાય છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ગંગાદાસ**

પંડિત ! શરમ છે આપણને !

**મુરલીધર**

કેમ ભાઇ ?

**ગંગાદાસ**

આ આપણે બધા જાડા પાડા જેવા બેઠા છીએ ને પેલી બીચારી છોકરી પાસે બધું કામ કરાવીએ છીએ.

**નરોત્તમ**

(ચોપડીમાંથી મોઢું કાઢીને) જઇને એનું બેડું કેમ ભરી આપતા નથી ?

**ગંગાદાસ**

( કચવાઇને ) કેવા કેળવાએલા ભેગા થયા છે ? હમણાં કોઇ મડમ જતી હોત તો ઝપ દઇને વનિતાવાત્સલ્ય બતાવવા દોડત. આ તો આપણા સ્વદેશની. ઘરકી મુરઘી દાલ બરોબર. ( ભગવાનદાસ ઉઠીને પાણીના હોજ તરફ જાય છે.)

**નરોત્તમ**

ભગવાનદાસ ! ક્યાં ચલાવ્યું ?

**ભગવાનદાસ**

( ગુસ્સે થઇને ) મારી નજરમાં આવશે ત્યાં જઇશ.

**મોટાભાઈ**

( ઝપાટાબંધ આવીને ) ગંગાદાસ! પેલો ઢોંગી જોયો કે ? ગુલાબચંદભાઇ કહેતા હતા કે 'ચુલો ફુંકું તો આંખો બગડે છે.' ને હમણાં તો ધમણની માફક ચુલો ફુંકવા મંડ્યો છે.

**છોટુભાઇ**

( લખવાનું મુકી દઇ ) લાવ ત્યારે હું પણ શાક મોળી નાંખું. ખાવાનું જે વહેલું થયું તે ખરૂં. ( તે ઉઠે છે, પેમલી બેડું લઇને આવે છે. તેના હાથમાં ઘડા છે. સાથે ભગવાનદાસ આવે છે. બધા ઉંચું જુએ છે.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભગવાનદાસ**

( પેમલીને ) લાવ, હું આ ઘડો લઇ લઉં.

**પેમલી**

( હસીને ) એહો એહો શેઠ ! તમે શું ઘડો લેતા'તા ?

**ભગવાનદાસ**

( હસીને ) લાવ, લાવ. ( પોતે ઘડો લઇ લે છે. )

**ગંગાદાસ**

પંડીત ! આજે ભુગવાનદાસને કામ કરવાનું શુર ચઢયું લાગે છે.

**ભગવાનદાસ**

ગંગાદાસ ! You mind your own business. ( તમે તમારુંજ કામ સંભાળો. )

**મોટાભાઈ**

( પેમલી પગથીઉં ચઢવા જાય છે તેને ) જોજે. See ! આ પગથીઉં સમાલજે.

**પેમલી**

અહં શેઠ ! આ પગથીઆનો તે મને હીસાબ છે ! હું તો બે બેડાં લઈને કુબેર ભંડારીએ આંખ ખેંચતાં ચઢી જઉં છું.

( આગળ પેમલી ને પાછળ ભગવાનદાસ રસોડામાં જાય છે. )

**ગંગાદાસ**

મોટાભાઇ ! છોકરી ચબરાક છે. તમને કેવો ઘબ્બો પહેરાવ્યો ?

**નરોત્તમ**

Now surely ! ( ખરેખર ) આ ગામડીઅણ શીવાય બીજું કૈં તમને સુઝે છે ?

**મોટાભાઇ**

Now Mister, listen ! ( જુઓ મીસ્તર, સાંભળો ! ) તું તારી હેલન ઓફ ટ્રોયનો વિચાર કર. અમે ગ્રીકના અભ્યાસી નથી. અમારી તને શી પંચાત ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુરલીધર

મોટાભાઇ ! આપણા દેશની શી દુર્દશા ! સ્ત્રીઓનું સ્ત્રીત્વ કેળવણી વિના રુંધાઇ મરે છે.

ગંગાદાસ

Many a flower is born to blush unseen, And waste its fragrance on the desert air. ( ગાય છે. )

અહીંહાં કરમાવાને, વિપિને કુસુમો ઉગે;
સૌરભે વણમાણી સૌ, વેડફાઇ જતી વને.

નરોત્તમ

( ચોપડીમાંથી મોઢું કાઢી ) મૂર્ખાઓ ! તમે આ બ્રહ્મચર્યાશ્રમનું વાતાવરણ બગાડવા બેઠા છો.

મુરલીધર

Surely ( ખરેખર ) નરોત્તમ ! તું ડોકટરથી પણ વધારે વહેમીલો થઇ ગયો છે. આપણે જગતને નવો મંત્ર શીખવવા બહાર પડીશું, ત્યારે સ્ત્રીઓનો ઉદ્ધાર કર્યા વિના છુટકો છે ?

મોટાભાઇ

Look at that woman ( એ સ્ત્રી તરફ જો ), ગંગાદાસ ! એના હાથ તો જો. શા ઘાટીલા છે !

ગંગાદાસ

મોટાભાઇ ! તમારી વૃત્તિઓ બધી સ્થૂલ છે.

(પેમલી એક તપેલી લઇને આવે છે અને થોડે દૂર જઇને માંજવા બેસે છે.)

નરોત્તમ

( ઘુરકીને ) અરે. રાંધતી નથી ?

પેમલી

( હસીને ) નોંના શેઠ ! પેલા કાકા શેઠને છોટાભાઇ શેઠ રોંધેછ. મને કે' તપેલી ઉટકી આવ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગંગાદાસ

( ખુરસી પાસે ખસેડી ) પેમલી ! તને ગરબા ગાતાં આવડે છે ?

( નરોત્તમ ડોળા કાઢે છે. )

મોટાભાઇ

Now listen ! ( આ જુઓ ? ) આ સૂક્ષ્મ વૃત્તિનું પ્રદર્શન કે ?

ગંગાદાસ

હું તો માત્ર એની કેળવણીની વાત કરું છું. જ્યાં જાઓ ત્યાં ઉન્નતિ પ્રેરો–એ મારા જીવનનું ધ્યેય છે.

પેમલી

( મોટાભાઇને ) શેઠ ! તમારૂં નામ શ્યું ?

મોટાભાઇ

( હસીને ) મોટા—

પેમલી

( મોટાભાઈને ) મોટા શેઠ ! આ તમોરો ચંબહો આવો ચ્યમ છે ? અમારો ઓમના માહતર એ દોંડી રાંખે–કોનની પાછળ. ને તમે તો ઓમનો ઓમ રાખોછ.

મોટાભાઇ

( હસીને, ઉઠીને આવેછે. ) એમાં હુન્નર છે.

પેમલી

( શરમાઇને ) બળ્યાં ? ચંબહો આવાં તે ચ્યમ રે'તાં શે !

મોટાભાઈ

જો ! તને રાખતાં શીખવું ? ( ગળામાંથી ચશ્માની દોરી ઉતારે છે. )

નરોતમ

મોટાભાઇ ! You are a drivelling idiot ( તમે નિર્બળ મનના મૂર્ખ છો. ) એ શું કરો છો ?

મોટાભાઇ

નરોત્તમ ! હું મારી નજરમાં આવે તે કરીશ. Listen ! ( સાંભળ ) મેં બ્રીટીશ સલ્તનત સામે સત્યાગ્રહ કર્યો તે શું હું તારાથી ડરવાનો છું ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

(ગુસ્સામાં) કેમ! (ખુરસી જોરથી વાંકી મુકી બેસે છે.)

ગંગાદાસ

(સાત્વિક પુણ્ય પ્રકોપ અનુભવતાં) મોટાભાઇ! તમારે શરમાવું જોઇએ. બીચારી ગ્રામ્ય કન્યાને ચશ્માનો શોખ શો લગાડો છો?

પેમલી

મોટાશેઠ! ભાઇશાબ! ટાંકીએથી લોટો લઇ આઓછ? મારે હાથ ધોવા છે.?

મોટાભાઈ

Certainly (જરૂર.) (તાપમાં ચાલી જાય છે.)

ગંગાદાસ

પેમલી! તને ગરબો ગાતાં આવડે છે?

પેમલી

ભાઇશાબ! બજ્યો ગરબો તો નૈ આવડે પણ રાહડો આવડે છ. નોરોતર આવે ને તારે રાહડા ગાઇએ.

ગંગાદાસ

તું પરણેલી છે કે કુંવારી?

પેમલી

(શરમાઇને) બજ્યું એવું શું પુછોછ? (નીચું જોઇને) મારો વિવાહ વીરશદમાં મોહનજીની ખડકીમાં પેલા મરઘાભાઇને તાં થયો છ. એ તો મોટા મુછી છે.

ગંગાદાસ

તને 'ગરબે રમવા તે ગોરી, નીસર્યાં રે લોલ'નો રાસડો આવડે છે!

પેમલી

ભાઇશાબ! અમારાં ગોમમાં એવું નૈ. મને તો 'મોં પાવા તે ગઢથી ઉતર્યોં મોં કાળી રે' આવડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

પંડિત ! આનું માથું ચસકવા માંડયું છે. (પાસેના ઝાડપરથી ફૂલ લઇ તોડીને સુંઘે છે.)

મુરલીધર

મને પણ એમ લાગે છે. મારે વચ્ચે પડવું પડશે. (ઉઠે છે.) ગંગાદાસ ! હું ધારું છું કે આપણે આપણી ભાવના ભુલવી ન જોઇએ.

ગંગાદાસ

હું કોઇ દિવસ ભાવના ભુલતો નથી.

મુરલીધર

ગંગાદાસભાઇ ! ગરબાની બહુ વાત ન કરો. નહીં તો સુતેલા સંસ્કારો જાગશે.

ગંગાદાસ

મારી જરા ફીકર ન કરશો. મારી ભાવના અડગ છે. આજે આ તક મળી છે ત્યારે માત્ર આ છોકરીના સંસ્કાર સુધારવા મથું છું.

મુરલીધર

જાઓ તમે નાહી લો. જમવાનો વખત થશે.

ગંગાદાસ

જાઉં છું (ફટીજાણું મોં કરી જાય છે.)

મુરલીધર

પેમલી ! તને ભણતાં આવડે છે ?

પેમલી

(હાથનો લટકો કરી) ના બા ! મારી બાએ ના પાડી છ. ભઇશાબ ! ભણે તે તો રાંડે, ખબર છે ?

મુરલીધર

જા, જા. એતો તમારા ગામડાના વહેમ છે. જો, અમારા મુંબઇમાં તો બધાં બૈરાં ભણે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

તારે શેઠ ! મમ્મઇમાં બાયડીઓ ચબ'હેં! પેરે છ ? મારા ગોમનો મે'તો કે'તો તો.

મુરલીધર

અરે ! જેટલી જોઇએ તેટલી. મારી બૈરી ચશ્માં પહેરે છે.

પેમલી

શું કોછ ભઇશાબ ? ચબ'હોં પેરે છે ! ને ખાહડાંએ પેરે છ ?

મુરલીધર

હા, કેમ તારે પહેરવાં છે ?

પેમલી

અમારો મેતાજી કેતોતો કે મમ્મઇની બાયડીઓ તો ઉંચાં ઉચાં ખાહડાં પેરે

મુરલીધર

હા. તારે મુંબાઈ આવવું છે ?

પેમલી

પણ ભઇશાબ ! અમે તો ગામડાનાં માણહ. અમને કુણ લૈ જાય ?

મુરલીધર

અરે હું લઇ જઇશ. ( મોટાભાઇ લોટો ભરીને આવે છે )—

મોટાભાઇ

પંડિત ! What are you doing here? તમે અહીં શુ કરો છો ?

નરોતમ

( બબડે છે. ) કેમ !

મોટાભાઇ

પંડિત ! Listen ! ( સાંભળ ! ) હું મીસીસ પંડિતને ઓળખું છું. I owe her a duty. (મારે એના તરફનું મારું કર્તવ્ય અદા કરવાનું છે.) તું આમ ગરબડ કરે તે નહીં સાંખું. See ! ( સમજ્યો ? ) બીજી સ્ત્રી સાથે હું તને છુટ નહીં લેવા દઉં.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુરલીધર

( ગુસ્સામાં ) What do you mean? ( તમે કહેવા શું માંગો છો ? )

મોટાભાઇ

What did you say just now? see? heard. I myself heard it. You invited her to Bombay. This is mean, caddish. I call it unfair to poor Mrs. Pandit. ( તેં હમણાંજ શું કહ્યું ? સમજ્યો ? મેં તે સાંભળ્યું. મેં મારી જાતે તે સાંભળ્યું. તેં એને મુંબઇ આવવાનું નિમંત્રણ આપ્યું. આ નીચતાભર્યું છે; અસંસ્કારી છે. તમે બીચારાં મીસીસ પંડિત તરફ અઘટિત રીતે વર્તો છો. )

મુરલીધર

Will you shut up? તમે મુંગા રહેશો ?

પેમલી.

ભાઇશાબ ! બળ્યું મારું રડ્યું ગોટપીટ શું બોલો છો ? અમારી ગામડાંઆ રીતે બોલો તો મને પણ એક બે અક્શર સમજાય.

( મુરલીધર ગુસ્સામાં ચાલી જાય છે. )

મોટાભાઇ

( હસીને ) તારે સમજવા જેવી વાત નથી. લે આ પાણી, હાથ ધો.

પેમલી

મોટા શેઠ ? જરા હાથ પર પોણી તો રેડો.

મોટાભાઇ

Certainly! Certainly! ( જરૂર ! જરૂર ! )

પેમલી

ભાઇશાબ ! એ શટ્ટલી એટલે શ્યું ?

મોટાભાઇ

ખચીતજ, ખચીતજ. ( પાણી રેડે છે. તે ઘણું પડે છે. )



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## પેમલી

અરે શાબ ! આ શ્યુ કર્યું ? બધે છોંટાજ છોંટા. આ તમારા લેંધા પર પોંણીજ પોંણી.

## મોટાભાઇ

હરકત નહીં, હરકત નહીં. લે ચશ્મા પહેરવાં છે ?

## પેમલી

ના, ભઇશાબ ! કોઇ જુવે. ના બા-હું તો ચશ્મેં હોં નહી પહેરૂં-મારો મોમો જુવે તો મારી નાંછે.

## મોટાભાઈ

અરે તારો મામો ગયો જહાન્નમાં ! લે.

( ચશ્માની દોરી પેમલીના ગળામાં નાંખે છે. )

## પેમલી

( હસતી જાય છે અને લાડ કરે છે. ) ના, ના, ભઇશાબ ! આ શું કરો છો ?

## મોટાભાઈ

અરે પહેર પહેર ! મારા સમ !

## નરોત્તમ

( ખુરસી પરથી ઉઠીને બે ફલંગ મારી મોટાભાઇને ગુસ્સામાં બોચી-એથી પકડે છે, ) you fellow ! અહીંયાં પણ તમારી વિદ્યા ચલાવવા માંડી કે ? શરમ નથી લાગતી ? અહીંયાં શું કામ આવ્યા છો ? આ કલિયુગનું કામ કરવા ! ( મોટાભાઇ ભીમસેન સમા નરોત્તમના સ્નાયુઓ તરફ નિરાધારીથી જોયાં કરે છે ) પેમલી ! આપી દે એનાં ચશ્માં. તુ કામ કર । આવી છે કે વાતો કરવા ? જા, રાંધ !

## મોટાભાઇ

Now, what do you mean ? (એટલે તું શું કહેવા માગે છે ?)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

I mean what I say. I won't have this. ( હું જે કહું છું તેજ કહેવા માંગું છું. આ હું નહી ચાલવા દઉં. ) નહીં ચાલે, ચાલ આપી દે. ( પેમલી ચશ્મા આપી દે છે. ) Now ( હવે ) મીસ્તર મોટાભાઇ ! જાઓ અહીંથી. નાહી લો ને જમવા તૈયાર થાઓ. ને પેમલી ! તું જા ને રાંધી નાંખ.

મોટાભાઇ

( નરોત્તમના ઉગ્ર મુખ તરફ બીકથી જોતાં ) Alright. I will see ( ભલે હું પણ જોઇશ. ). ( જાય છે ).

પેમલી

( જરાક હસીને ) નાના શેઠ ! ભઇશાબ એમ મીજાશ ચ્યમ કરો છો ? તમે મોટા મનખ રોજ ચશ્હાં પહેરો. અમે ગરીબ મનખ તો કોદી જોઇએ પણ નહીં.

નરોત્તમ

( નરમ પડી ) પણ મોટાભાઈ માણસ જરા વિચિત્ર છે.

પેમલી

નાના શેઠ ! એવું હું કરો ? તમે બેશી બેશીને વાંચ વાંચ કરો છો. એ બીચારા મને ગમ પાડે તેમાં તમારું હું ગયું ભઇશાબ ? હાચું ના કો તો અંબા માના હમ.

નરોત્તમ

( વધારે નરમ પડીને ) તું એ ન સમજે.

પેમલી

તારે નાના શેઠ ! આ તમે આખો દી ને રાત વાંચો તે આંખો ની દુખે ?

નરોત્તમ

( જરાક હસીને ) ના, મને તો વાંચવાની ટેવ પડી ગઇ છે.

પેમલી

તેમાં ! તમે મેતાજી કરતાંએ બઉ ફુટરાઆર દેખાવ છો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

( વધારે હસીને ) જા. હવે રાંધી નાખ. મને ભુખ લાગી છે.

પેમલી

હાય હાય ભાઇશાબ ! તારે કેતા ચ્યમ નથી ? એ ભુખે પેટે તે મુઓ બીજાશ હાથમોં રેજ નૈ. આ અમણે ઝપ દઇને રોંધી નોખું છ.

નરોત્તમ

કૈં નહીં. મોંડું થશે તો ચાલશે.

પેમલી

( શરમાઇને ) અરે કૈં વાત છે ? મારા નાના શેઠને ભુખ લાગીને. પણ શેઠ ! તમારા હાથમોં પેલાં પુલાં છે તે મને આપો ને.

નરોત્તમ

જોઇએ છે ? ખુશીથી. પણ તું શું કરશે ?

પેમલી

ભઇશાબ ! બહાર માધેવજીનું દેરું છે ને ત્યોં હું ચઢાઇ આઇશ.

નરોત્તમ

એવી મૂર્ખાઇ શા માટે કરે છે ?

પેમલી

તારે પુલાંને શું કરીએ ?

નરોત્તમ

જો, આ પુલો છે તેમાં દોરો પરોવજે.

પેમલી

માલા, માલા. તે તો મને આવડે છે. હરમાનને ચઢાવવા.

નરોત્તમ

Oh this wretched religious mentality ! ( અરે ક્ષુદ્ર ધાર્મિક મનોદશા ! ) ના, ના, એક નાની માળા કર ને તારા અંબોડાની આસપાસ વીંટી મુક.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### પેમલી

( હસી હસીને ) હા, હા, સમજી. એમ કાને-વેણી કર. લાઓ. મારા નાંના શેઠ ફક્કડ છે. ( આંખો નચાવે છે. )

### નરોત્તમ

( ખડખડ હસીને ) એમ કે ?

### ગુલાબચંદ

( એટલા પર આવીને ) નરોત્તમ ! ક્યારના એ શું કરો છો ? પેમલી ચાલ ! મેં તો રાંધીએ નાંખ્યું.

### પેમલી

લો નીરાંત થઇ. ભઇશાબ બધાં જમી લો. હું વાહણ માંજી નાંખેશ.

### ગુલાબચંદ

પેમલી ! ચાલ.

### પેમલી

આવી. ( જાય છે. )

[ પડદો પડે છે. ]

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અંક ત્રીજો

[ સમય : પાંચ દહાડા પછીની સાંજ. સ્થળ : તેજ.
મોટાભાઇ અને મુરલીધર વાત કરતા દેખાય છે. ]

**મોટાભાઇ**

પંડિત ! Now listen. I am your friend. See? ( જો સાંભળ. હું તારો મિત્ર છું. સમજ્યો? હું તારો મિત્ર નથી પણ તારા કુટુંબનો છું. You see? ( તું સમજ્યો? ) મીસીસ પંડિત મારી મિત્ર છે. See? ( સમજ્યો? ) મને માન છે તેને માટે, તારે માટે, તમારા પ્રણય માટે.

**મોરલીધર**

પણ આ બધું કહેવાની કૈં જરુર નથી દેખાતી.

**મોટાભાઇ**

નથી કેમ દેખાતી? Listen. ( સાંભળ ). દેખાય છે. સ્પષ્ટ દેખાય છે. તારી પત્નીભકિત ચળવા બેઠી છે.

**મુરલીધર**

એ તો કયારની ચળી ગઇ છે. હું બ્રહ્મચારી થયો છું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઇ

My dear fellow, listen, ( મારા પ્રિય મિત્ર, સાંભળ. ) હું કદી મૂર્ખ બન્યો નથી, બનવાનો નથી, કોઇને બનવા દેવાનો નથી. તું મૂર્ખ બને છે. સમજ્યો? See? તું પેલી પેમલી પાછળ ગાંડો બન્યો છે.

મુરલીધર

What nonsense! ( કેવી અર્થ વગરની વાત? )

મોટાભાઇ

Sense ( અર્થવાળી ) છે. Listen, ( સાંભળ ). કાલે એકલો એકલો એને ભણાવવા કેમ બેઠો હતો? Bad habit, See? ( ખરાબ ટેવ. સમજ્યો? ) મને દુનીઆનો અનુભવ છે. મરદ પારકી સ્ત્રીને ભણાવવા માંડે કે મહોકાણના સમાચાર શરુ થાય. કેટલા દાખલા બતાવું? ઘરમાં મોટી છોકરીને માસ્તર ભણાવવા માંડે કે ગોટાળાના ગણપતિ બેસે.

મુરલીધર

મોટાભાઇ! તું તો મૂર્ખનો શિરોમણિ છે.

મોટાભાઇ

Listen. See! ( સાંભળ, સમજ! ) એ પારકી છોકરી ભણાવવાની વૃત્તિજ ભયંકર છે. ભણાવવાનું મન થાય કે તારા જેવા સંસારી માણસે ભાગવું.

મુરલીધર

ત્યારે કોઇ કન્યાશાળામાં મરદ માસ્તરજ ન રાખવો?

મોટાભાઇ

Now my dear boy, listen ( મારા પ્રિય મિત્ર, સાંભળ. ) એક અનુભવી માણસનું માન. તારા હૃદયને પુછ. See! Ask your heart. your heart-( સમજ્યો? તારા હૃદયને --પુછ તારા હૃદયને ) મીસીસ પંડિતની છબી ઉખડી ગઇ છે. Yes. ( હા. ) તું ના કહેશે તો એ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નહીં માનું. ત્યાં બ્રહ્મચર્યનો ચુનો ફર્યો. તેના પર પેમલીની છબી ચોંટી. You see? ( તું સમજ્યો? )

મુરલીધર

તારે મને દૂર કરવો છે. I know your game. ( તારી રમત હું સમજી ગયો છું. )

મોટાભાઈ

Nothing of the kind. ( એવું જરા પણ નથી. ) હું તો બ્રહ્મચારી છું. બધી સ્ત્રીઓ, મા, બહેન, દીકરી બધી—

મુરલીધર

( કચવાઇને ) મને ખબર છે. તમને તો બધાં સમાન છે મોટાભાઇ! તમારી વાત ખોટી છે. પણ હું હમણાં ધ્યાન કરવા બેસું છું. જો તમારી વાત ખરી હશે તો હું ધ્યાન કર્યા જ કરીશ. હું બ્રહ્મચારી છું ને રહેવાનો. ( જવા માંડે છે. )

મોટાભાઇ

See, boy? ( સમજ્યો છોકરા? ) તારું બ્રહ્મચર્ય ધાસ્તીમાં આવી પડ્યું છે. જા ધ્યાન કરવા બેસ. તને ફાયદો થશે. ( વળાવી આવે છે. ડાકટર ને નરોત્તમ ને ગંગાદાસને આવતા જોઇ ) કેમ!

માધુભાઇ

નરોત્તમ! આ માં તમે એકલા બુદ્ધિશાળી છો. હું આજે ત્રણ દહાડા થયાં આ બધાનો " જોઉં છું. આ છોકરીને વધારે રાખવી કામની નથી.

નરોત્તમ

ડાકટર! મારે તમને સ્પષ્ટ કહેવું જોઇએ કે તમે નકામા ગભરાઓ છો.

માધુભાઈ

Now! Now! દોસ્તો! "હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને." અત્યારે તમે બધા કાયર થઇ ગયા છો. તમારું શૌર્ય શિથિલ થયું છે. એક છોકરીને ત્રણ દહાડા જોઇ જોઇને તમે બહુ લટ્ટુ બની ગયા છો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### નરોતમ

ડાક્ટર ! મારી વાત નહીં કરો. I know my business. ( હું મારું કર્તવ્ય સમજું છું. )

### માધુભાઈ

Of Course ! ( અલબત્ત ! ) તમારી વાત તો જુદી છે. પણ ગંગાદાસ ! તમે આજે બે દહાડા થયાં નાટકોનાં ગાયન ગાઓ છો. કાલે પેમલી પાણી ભરતી હતી ત્યારે તમે ' ચતુર ચતુરા પેલી ચાંદની જો ' ગાતા હતા.

### નરોતમ

અરે આજે સવારે ' આવો કુમકુમને પગલે ' બોલતા હતા.

### ગંગાદાસ

ડાક્ટર ! એટલે શું એક ગાયન પણ ન ગાવું ?

### માધુભાઈ

પણ ભાઇ ! આખો દહાડો તે આવાં ગાયન ગવાય ?

### નરોતમ

અરે ગંગાદાસ ! ગાયનમાં શૃંગાર શીવાય બીજો રસ છે કે નહીં ?

### ગંગાદાસ

સાહિત્યમાં એ રસ પ્રધાન છે.

### નરોતમ

પણ મીસ્તર ! એ રસ પીતાં પેટ ફાટી જશે.

### ગંગાદાસ

વારુ, ડાક્ટર ! હવે થોડાં ગાઇશું. જો કે ખરું પુછો તો નાદ બ્રહ્મ વિના બ્રહ્મચર્ય શકય નથી.

### નરોતમ

ગંગાદાસ ! બ્રહ્મચર્યને વળગી રહો. નાદ બ્રહ્મનું થઇ રહેશે.

### ગંગાદાસ

( કંટાળીને ) Alright ! ( ઠીક ! ) થયું હવે ! ( ચાલી જાય છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માધુભાઈ

Now my dear ( મારા પ્રિય ) નરોત્તમ ! એક વાત કહું. મને લાગે છે કે આ છોકરીને મોકલી આપવી પડશે. દાજી પટેલ પણ એકદમ માંદા થઇ ગયો, ને એના દોકરાનો પણ પત્તો નથી.

નરોતમ

ડાકટર ! તમે માનો છો એમ નથી. આ પણ આપણા કાર્યક્રમમાં એક જરુરી વસ્તુ છે.

માધુભાઈ

Now ! Now ! આ બીચારી પટલણ પર પ્યાર કરવો એ તે બ્રહ્મચર્યનો ક્રમ હોય ? Oh God ! ( અરે પ્રભુ ! ) આ માધુના કાર્યક્રમનું શું થશે ?

નરોતમ

આત્મવિગ્રહ વિના કદી સિદ્ધિ મેળવાય છે? આવી એક ત્યાજ્ય વસ્તુના આકર્ષણને જીતવું એ પહેલું પગથીઉં, એક અગત્યનું પગથીઉં ન કહેવાય ?

માધુભાઈ

એવું અગત્યનું પગલું લાગે છે કે જે ન ચુકયો તે નસીબદાર. જો કોઈ ચૂકયો તો ગરબડ ભુસ કરતો કે નીચે પડશે. મારા તો ખંડ અને અભ્યાસગૃહ એવાં સ્વચ્છ કરી જાય છે. પણ નરકે રહેવું સારું, સ્વર્ગે નારીનાં દર્શન ખોટાં આ માધુને કૈં કરવું પડશે ને તારે તેમાં મદદ કરવી પડશે.

નરોતમ

તે વિશે બેફીકર રહો. જરૂર હું મારાથી બનતું કરીશ. તમારું જ વાક્ય છે: 'હરિનો મારગ છે શૂરાનો'.

માધુભાઈ

ખરી વાત છે—'નહીં કાયરનું કામ જોને' હીંમત રાખ, માધુ દીકરા ! 'નહીં કાયરનું કામ જોને' આ માધુને હવે અભ્યાસનો વખત થયો છે. 'નહીં કાયરનું કામ જોને' ( ગાતા ગાતા જાય છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### નરોત્તમ

મને તો આ બધા કરતાં બીચારી પેમલીની દયા આવે છે. ( વિચાર કરતો જાય છે. ભગવાનદાસ ને ગુલાબચંદ આવે છે. બંને જરા ગરમ છે.)

### ભગવાનદાસ

( ભવાં ચઢાવી ) ગુલબચંદભાઇ, સીધી સાફ વાત કહી દઉં? તમને બીલકુલ રાંધતાં આવડતું નથી. આજે તમારે બહાર બેસીને ચોખા વીણવા પડશે.

### ગુલાબચંદ

ભગવાનદાસ ! તમને આ શોખ ક્યારથી લાગ્યો ? કાલે તો કહેતા હતા કે ભજીયા શીવાય બીજું કૈં આવડતું નથી. અને હવે તો પાકશાસ્ત્રવિશારદ બની ગયા !

### ભગવાનદાસ

રાતે કોણે રાંધ્યું ? ને રાતે મારું બનાવેલું શાક જુઓ, ને સવારનું તમારું જુઓ —ફીકકું ફસ. હું સાચું કહું છું, તમે ચોખા વીણો.

### ગુલાબચંદ

ઠીક, હું ચુલા પાસે બેસીને વીણીશ. ( જવા જાય છે. )

### ભગવાનદાસ

( તેનો હાથ ઝાલીને ડોળા કાઢીને ) હું કહું છું તે બરોબર છે. પેમલી પેલા ચોખા લાવ.

### પેમલી

( અંદરથી ચોખાની થાળી લાવી ) ભગવાન શેઠ ! આ રયા ચોખા ! વેણી નાંખો છે કે હું નાખું ?

### ભગવાનદાસ

અરે તું શું વીણે ! અમે નથી ? ને તને કામ ક્યાં ઓછું છે? લો ગુલાબચંદભાઇ ! આ ચોખા લઇ જાઓ તમારી ઓરડીમાં.

### ગુલાબચંદ

હું તો રસોડામાં બેસીને જ ચોખા વીણીશ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભગવાનદાસ

ચોખ્ખી ના! રસોડામાં હું બેસીને રાંધું છું.

ગુલાબચંદ

હું બેસીશ તો તમારી રાંધણ કળા કથળી જશે?

ભગવાનદાસ

ગમે તે થશે. હું તમને રસોડામાં નહીં આવવા દઉં; થયું?

ગુલાબચંદ

હું આવીને બેસીશ.

ભગવાનદાસ

જોઉં છું કેમ આવો છો તે. ચાલ; પેમલી! અધરણનું પાણી આપ.

પેમલી

ગુલાબચંદ કાકા! એમ બળ્યું શું મોઢું કરોછ? ભગવાનશેઠ હાચું કે છેસ્તો. તમે તમારી ઓયડીમાં જાઓને. તમારી આંખો ધુમાડેથી બગડશે. હમજ્યા? હું અમણાં ચોખા લેવા આવું છું.

ગુલાબચંદ

એમ? (હસીને) ઠીક. વહેલી આવજે. હું વીણી મુકું છું. (થાળી લઇને ચાલી જાય છે.)

ભગવાનદાસ

પેમલી! તું જબરી છે હાં.

પેમલી

ભઇશાબ! લઢી શું મરોછ? (હસીને) લો હવે ભગવાનશેઠ! તમે રંધિોછ કે હું રાધવા માંડું?

ભગવાનદાસ

અરે તું શું કરવા ફીકર કરે છે? મેં હમણાં રાંધી નાંખ્યું. કેમ કાલે કેવું થયું હતું?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પેમલી**

ભગવાનશેઠ ! મારા તો મોંમાં હવાદજ રહી જ્યો. ચાલો હું આવી. પેલા નોના શેઠની ખુરશી મેલતી આવું. આવશે તો વાંચશે કાં ?

**ભગવાનદાસ**

ચાલની ! એને ખુરસી મુકવાના હાથ નથી બળ્યા ? શાક કયાંનું છે ?

**પેમલી**

પેલા છોટુભાઇશેઠ મોળવા લઈ ગ્યા છ. તમે જાવ. હું લઇ આવું. (ભગવાનદાસ જાય છે. પેમલી ખુરસી ખંખેરીને ગોઠવે છે ને ટેબલ છેડા વડે સાફ કરે છે. છોટુભાઈ એક હાથમાં મુળા ને બીજા હાથમાં છરી લઇ રસોડા તરફ જતા આવે છે. ) છોટુભાઇ શેઠ ! શાક મોળી લાયા કે ભઇશાબ ?

**છોટુભાઈ**

હું રસોડામાં મોળવાજ જતો હતો.

**પેમલી**

અરે રસોડામાં તો આંખમાં ધુણી ગોટાય છે. ભઇશાબ ! અંઇઆંજ બેસોને હું ખુરશી મેલી આલું. ( ખુરસી મુકી આપે છે. તેના પર બેસી છોટુભાઇ મુળા છીણવા બેસે છે. પેમલી ઝાડુ લાવી ધીમે ધીમે વાળતી જાય છે. ) શેઠ ! આવડા મોટા થ્યાને ભઇશાબ પરણ્યા ચ્યમ નથી.

**છોટુભાઈ**

(નીસાસો નાંખીને) પેમલી ! સારી બૈરી નહીં મળી તેમાં. ને હવે તો મેં બ્રહ્મચર્ય લીધું છે.

**પેમલી**

એમ શું કો છો ભઇશાબ ? તમારા જેવા મોટા મનખને બાયડી નો મળે ? આ અમારા ગોમમાં દશ વરહનો થાય કે ઝપ ઝડપઇ જાય.

**ભગવાનદાસ**

(અંદરથી) પેમલી !...

**પેમલી**

(નીરતિ) આવી શેઠ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છોટુભાઈ

તું કેમ ત્યારે હજી પરણી નથી?

પેમલી

મારા તો તયણુ વિવાહ થયા ને તયણે મુરતીયા મરી જયા.

છોટુભાઈ

અરે રામ રામ! (વાત કરતાં હાથ કપાય છે) અરરર!

પેમલી

(પાસે આવીને) શું થ્યું ભઇશાબ? ઓ માડી! આ–

છોટુભાઈ

કૈં નહી, કૈં નહીં. એ તો જરા વાગી ગયુ. (આંગળીનું લોહી ચુસે છે.)

પેમલી

અરે ભઇશાબ! ઉપર ધુળ ભભરાવોને અમણા ચપ દઇ મટી જશે.

છોટુભાઈ

ના, ના. Septic (ચેપી) થઇ જાય. ઝેર ચડે.

પેમલી

અરે એમ તે કેવાં વખ ચઢતાં હશે? રામ રામ કરો. ઉભા રહો. મટાડી દઉં (ધુળની ચપટી લઇ ફુંકીને ઝીણી કરે છે.) હાથ લાઓ જોઉં.

છોટુભાઈ

(હસીને હાથ લંબાવે છે.) લે. (પેમલી આંગળી પર ધુળ નાંખે છે. મોટાભાઇ પાછળથી આવે છે ને મોનોકલ ચઢાવી સ્તબ્ધ બની જોઇ રહે છે.)

મોટાભાઈ

(મજાકમાં) પ્રોફેસર સાહેબ! આ શું કરો છો?

પેમલી

(હસીને) મોટાશેઠ! એ તો છોટુભઇશેઠને લોહી નીચળ્યું છે. તે ઓસડ કરું છુ.

મોટાભાઈ

(જરા કડવાશથી) છોટુભાઇ! ઓસડ બહુ ગળ્યું લાગ્યું દેખાય છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છોટુભાઈ

( જરાક કરડાકીથી ) તમારી આંખે કમળો થયો છે. ( નીચું જોઈ શાક ગોળવા માંડે છે. પેમલી સાવરણી લઇ પાછી વાળવા બેસે છે ને વાળતી વાળતી દૂર જાય છે )

મોટાભાઈ

( નીચા વળી ને હસીને ) પેમલી ! કેમ ચશ્મો પહેરવો છે કે ?

પેમલી

ભાઇશાબ ! અત્યારે રેવા દોને. કોઇ રેયું જોશે.

મોટાભાઈ

જુએ તેને જુ પડે. ( ગળામાંથી ચશ્મા ઉતારે છે ને પેમલીને ગળે પહેરાવવા જાય છે. )

છોટુભાઈ

( સખ્તાઇથી ) પેમલી ! જા જઇને આ શાક રસોડામાં મુકી આવ.

મોટાભાઈ

( રોફથી ફરીને ) છોટુભાઇ ! What is this ( આ શું ? ) તમારાથી સેકયો પાપડ નથી ભાંગતો. બે પગ નથી ? See ? (સમજ્યો ?) જઇને મુકી આવ.

છોટુભાઈ

( ગુસ્સામાં ) તમને શું જોઇએ છે તે મને ખબર છે. ફોડો. ( શાકની થાળી લઇ ગુસ્સામાં જવા જાય છે. )

પેમલી

છોટુભાઇ શેઠ ! એમ શું બળ્યું કરો છો ? મને આલો ને. હું મુકી આવું ( તેની હાથમાંથી લેવા માંડે છે ને હસે છે. )

છોટુભાઈ

( હસીને ) રહેવા દેની. હુ મુકી આવું. તું બહારી નાંખ. (જાય છે.)

મોટાભાઈ

( ધીમેથી ) પેમલી ! તારા મામાને પાંચ રુપીઆ આપ્યા કે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

### પેમલી

હાં, મોટાશેઠ ! હજુ ચાર દાડા મોમો માંદોજ રેશે.

### મોટાભાઈ

તું હોશીઆર છે.

### પેમલી

ઓવે, હોશીઆર ના હોઉ તો મારો મોમો મને તમારા જેવા શેઠીઆ-ઓને હાંપે કે ? ચાલો હું બાપજીની ઓયડી ઠીક કરી આવું. બચારો પરમે-હરનો માણુહ છે. કૈં હબધુ રાખતાં આવડેજ નૈ.

### મોટાભાઈ

અરે એનો અવતાર કુકકર જેવો ગયો. શું ? બોલ. હવે જો આ પાંચ રુપીઆ. તું કાલે ફક્કડ લુગડું લઇ આવજે.

### પેમલી

( લાડથી ) ના બા ! મારા મોમાના કયા વના હું પૈસા નૈ લઉં. પારકા ભાયડા પાહેથી પૈશા લેવા એ હારા માણહનું કામ નૈ. તમારો ચમહો પેરવા આલો.

### મોટાભાઈ

લે. ( પેમલી ગળે ભેરવે છે ને ચશ્મો એક આંખે રાખવા મથે છે. નરોત્તમ પાછળથી આવે છે. )

### પેમલી

એમ હું ? ( જોરથી આંખમાં રાખી ) લો, આ ચ્યમનો રયો.

### મોટાભાઈ

( પેમલીને વાંસે થાબડી ) શાબાશ ! શાબાશ રે પેમલી !

### નરોત્તમ

( બંનેને છુટા પડતાં ) મીસ્તર મોટાભાઈ ! આ માંડયું છે શું ?

### મોટાભાઈ

( દાંત પીસીને ) You intermeddler ! You go away.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Listen. ( વચમાં માથું મારનાર! તું ચાલ્યો જા ! સાંભળ ) હું તારો ગુલામ નથી. સમજ્યો ?

નરોત્તમ

( ગુસ્સામાં ) હું જાણું છું કે તમે કોના ગુલામ છો. પણ માસ્તર મોટાભાઇ! આ બ્રહ્મચર્યાશ્રમ છે. ને ખેડુતની નિર્દોષ બાલા છે. તમને શરમ નથી આવતી ?

મોટાભાઈ

( તેવાજ ગુસ્સામાં ) I tell you plainly ! Listen. ( હું તને ચોખ્ખું કહું છું. સાંભળ ) I wan't have this. (હું આ ચલાવી નહીં લઉં) તારા મનમાં તું શું સમજે છે ? તું પોલીસમેન છે ? No. (ના) તું મારો ગુરુ છે ? ના. Then (ત્યારે) તારે વચ્ચે બોલવાનો શો અધિકાર છે ? તારા મનમાં સમજે છે શું ?

નરોત્તમ

શું સમજું છું ? જોવું છે ? You dirty fellow ! ( નીચ આદમી ! ) એક શબ્દ વધારે બોલશે તો-( બાંહ્ય ચઢાવે છે. )

મોટાભાઈ

( તિરસ્કારથી ) You bully ! ( દાદા ! ) તું પણ મવાલીનો મોટો ભાઈ છે. મારી ખાત્રી થઇ છે. તું તારે રસ્તે જો, હું મારે રસ્તે. ( રોફથી ચાલો જાય છે. )

નરોત્તમ

(ગુસ્સામાં મોટાભાઇ તરફ જોઇ રહે છે. પછી પેમલી સામું નરમ બની જોઇ રહે છે. ) પેમલી ! તું સારી છોકરી થઈ આ શુ લઈ બેઠી છે ?

પેમલી

( નાક ચઢાવી ) શું લઇ બેઠી છે ? નાનાશેઠ ! મેં શું કર્યું કે આમ તબેથો ખશી ગયો ? હું તમારી કઇ ઓશીયાળી છું ? ( મોટા હોઠ ચઢાવીને જરાક રડતે ધ્રાંટે ) આખો વખત મને એવું કહ્યા કરો છો તે મેં શું ધનેધારી કરી ?

૫

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભગવાનદાસ**

( અંદરથી ) પેમલી ! એ પેમલી !

**પેમલી**

ભગવાનશેઠ ! આ આવી. ( મચકો કરી ચાલી જાય છે. )

**નરોતમ**

( જોઇ રહે છે. ) શી નિર્દોષ બાલા છે ! એણે આજે બધાના ખાટ કેવા ગોઠવ્યા છે. કાલથી તો અભ્યાસગૃહ પણ એણે એવો સરસ ગોઠવવા માંડ્યો છે. આ દુષ્ટો એનું પળે પળે અપમાન કર્યા કરે છે. ( દુર એક બાસ્ટી પર જઇને સુએ છે. ભગવાનદાસ અને પેમલી પાણી લેવા જાય છે. ભગવાનદાસ ના હાથમાં ઘડો છે ને પેમલીના હાથમાં દેગડો છે. )

**પેમલી**

( હસતી હસતી ) ભગવાનશેઠ ! ભઇશાબ તમે તો ઝપ દઇને રાંધો છો. જબરા છો હોં.

**ભગવાનદાસ**

અરે આજે તુ જોજે તો ખરી. એવું સરસ રાધ્યું , પણ તુ જરા મદદે લાગતી નથી.

**પેમલી**

( ગેલ કરીને ) એવું કો છો ? ભગવાનશેઠ એતો પેલા મોટાશેઠ ને નાનાશેઠ વઢતા'તા તે જોવા ઉભી'તી. કાલે હું બધું કરીશ. તમે હામે બેસી ને બતાવજોને ભઇશાબ.

**ભગવાનદાસ**

(હસતાં) અરે આપણે બે જ રાંધીશું. કેમ બે ?

**પેમલી**

હા. એ તો બહુ હારું. મેં આજે તમારી પથારી તડકે નોંખી દીધી છે હો. ( બંને હસતાં હસતાં જાય છે. )

**નરોત્તમ**

( બાસ્ટી પર બેઠો થઇને ) જાનવર ........ I will see to it. હું એ જોઉં છું તો. ) પાછો પડે છે ને ગંગાદાસ આવે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગંગાદાસ

હું કાવ્યમય થઇ ગયો છું. નાનાલાલનું વસંતોત્સવ મંગાવવું પડશે. એની પહેલી પંક્તિઓનું મન અત્યારે ભાન થાય છે. એક ખુરસી પર બેસી આકાશ સામું જુએ છે. )

ગુલછડી સમોવડી એક બાલિકા હતી......

પછી શું ? ભુલી ગયો—

તે ફરતી હતી..................

તેનો પિતા કોશ હાંકતો હતો....

સરસ ચિત્ર છે. તેનો......પિતા......કોશ......હાંકતો હતો......

( આકાસ તરફ જોઇ હસે છે ને ધીમેથી ગાય છે. )

બાલા, બદન તારું તદન ગુલાબ છે મદન ખડગ નહીં મારીએ......

( આંખો મીંચી બેસી રહે છે. )

ભગવાનદાસ

( ઘડો લઇને જતાં ) કેમ ગંગાદાસ ! શા વિચાર કરો છો ?

ગંગાદાસ

( કચવાઇને ) તમે રાંધી રહ્યા હો તો જમવા બેસવાનો.

ભગવાનદાસ

( ધુરકતા ) પોતે સળી હલાવવી નહીં—

ગંગાદાસ

( તેવીજ રીતે ) હું સળી હલાવવા આવીશ તો ભારે પડશે. તમારા હવાઈ કીલ્લા ગબડી પડશે, સમજ્યા ? ( ભગવાનદાસ મોં બગાડી ચાલી જાય છે. ) એ પણ જબરો છે. સાળું મને તો કૈં રાંધતાં આવડતું જ નથી...... ( માથે હાથ મુકે છે. )

પેમલી

( ઘડો ભરીને આવે છે ) કેમ ગંગાદાસશેઠ ! આમ ચમ બેઠા છો ?

ગંગાદાસ

( હસીને ) શું કરું ? બીજી રીતે બેસવું ગમતું નથી. તું ક્યાં ફરે છે ? દેખાતીજ નથી. આજે મારું માથું ચઢયું છે. ...

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

(હસીને) અરે મારા શેઠ! એમ કાં'ને ઘરવાળી સાંભરી છે.

ગંગાદાસ

ના—ના. તારા સમ...

પેમલી

શેઠ! પેલો તમારો રાહડો આવડવા માંડયો.

'ગરબે રમવાને ગોરી નેહર્યાં રે લોલ
રાધિકા રશીલી અભીરામણી રે લોલ
છુમ છુમ છુમ' (ખડખડ હસે છે.)

ગંગાદાસ

ભુલી ગઇ?

પેમલી

આવડશે, આવડશે. શેઠ નોહ્યા? જમવાની વખત કરી દીધી છે હો કે.

ગંગાદાસ

શાબાશ રે! આજે મારો ખંડ પણ તે ગોઠવ્યો છે, નહીં?

પેમલી

કે મારા શેઠને ખુશી કર્યાં વગર ચાલે? (જીભ કાઢે છે. ધીમેથી બારી પરથી નરોત્તમ બેઠો થાય છે ને હોઠ પીસી પાછો સુઇ જાય છે.)

ગંગાદાસ

(હસે છે) તને જોઇને મને પેલી લીટીઓ યાદ આવે છે.

(ચાળા કરીને બોલે છે.)

મીઠી મીઠી વાણી,
જાણે રેવા કેરું પાણી;
તેમાં લીધો મને તાણી,
વાહ કેવી તું તું શાણી
મારી પ્રેમી પટરાણી!

(નરોત્તમ ઉઠીને ગુસ્સામાં જોઇ રહે છે.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

પટરાણી કે'વાય કે ?

ગંગાદાસ

અરે ભુલ્યો. 'પટલાણી' ચાલ હું નાહી લઉં. (હસતો હસતો ચાલ્યો જાય છે.)

પેમલી

(જતી જતી હસે છે) મેઠી મેઠી વાણી જાણે રેવા કેરું પોણી.

નરોતમ

(ગુસ્સામાં ઉઠે છે) પેમલી ! પેમલી !

પેમલી

(ફરીને) કુણ નાના શેઠ ? ચ્યમ છે ?

નરોતમ

(ઉઠીને આવે છે ને ખુરસી પર બેસી માથે હાથ મુકે છે.) પેમલી ! આ શું માંડયું છે ?

પેમલી

પોણી ભરીને જાઉં છું.

નરોતમ

ઘડો નીચે મુક. મારે તારી જોડે વાત કરવી છે.

પેમલી

(ઘડો મુકીને) બોલો નાના શેઠ, શું કોછ ? (કેડે હાથ મુકીને ઉભી રહે છે.)

નરોતમ

આ બધાને નચવે છે કેમ ?

પેમલી

ભઇશાબ ! એમ શું કોછ ? કોઇ નાચતું નથી.

નરોતમ

(ખેદયુકત અવાજે) પેમલી ! તારી બનાવટ જવા દે. તું ડાહી છોકરી છે. આ થોડા દહાડામાં હું જોઇ શકયો છું કે તું બહુ હોંશીઆર છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**પેમલી**

હા ભટ્ટશાબ ! મારો મોમો કેતો'તો કે હું હુંશીઆર છું.

**નરોતમ**

Damn Your Mama ! ( જહાન્નમમાં જાય તારો મામો ! ) પેમલી ! તું આ બધા જોડે બહુ બોલે છે.

**પેમલી**

( મચકો કરીને ) કોઈ મોટું મનખ બોલાવે તો કંઈ મુગા રહેવાય ? ને તમે તો મોટા આખા દા'ડા વેંચ વેંચ કરો. પછી અમે કોની હાથે બોલીએ ? મોંએ તે ભટ્ટશાબ કંઈ ડુચો મરાય છે ?

**નરોતમ**

( સમજાવતાં ) પણ જો આ બધા લોકો સારા નથી. તારી સાથે કેમ વર્તે છે ?

**પેમલી**

ના ભટ્ટશાબ ! બધા સારા છે. હોગ જેવા છે. જુઓની ભટ્ટશાબ તમે લાંબા ને મોટા દેરામાંના દેવ જેવા છો.

**નરોતમ**

( હસીને ) પેમલી ! કેવા માણસને તું દેવ ધારે ?

**પેમલી**

ભટ્ટશાબ ! તમે જો મેજાશ નહીં કરતા હોને તો પેલા રામચંદરજી જેવા લાગો.

**નરોતમ**

( ખુબ હસીને ) Thank You ! ( તારો આભાર માનું છું. )

**પેમલી**

ભટ્ટશાબ ! બળ્યું તમારું ગોટપીટ છોડોને. મમ્મઈ જાઓ ત્યારે કર્યાં કરજો. પછી હું કાં આવવાની છું ?

**નરોતમ**

પેમલી ! આજે અભ્યાસગૃહની ચોપડીઓ તેં ગોઠવી ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

હા ભઇશાબ કેમ ? આખું હુપડું ભરીને બગદો કાઢયો.

નરોતમ

તેં આરસી જેવો ઓરડો બનાવી મુકયો છે. માત્ર ચોપડીઓ ઉંધી મુકી છે. પેમલી ! પેમલી ! તારામાં અદ્ભુત શકિતઓ છે. તને કોઇ પિગ્મેલીઅન જેવો કારીગર મળે તો તું અદ્ભુત મૂર્તિ—

પેમલી

એ પેગમહાલોણ કુણ છે ?

નરોતમ

પેમલી ! અસલ એક કારીગર હતો. તેણે આરસપહાણની એક અદ્ભુત પ્રતિમા ઘડી.

પેમલી

( લટકો કરીને ) પતિમા શું ?

નરોતમ

Oh the ignorance. ( અરે કેવું અજ્ઞાન ! ) મૂર્તિ ઘડી. તે મૂર્તિ ઘણી સુંદર હતી. તેમાં જીવ આવ્યો ને તે એક અદ્ભુત સ્ત્રી થઇ ગઇ. ( વિચાર કરીને ) તને કોઇ કારીગર મળે તો તું પણ અદ્ભુત બને.

પેમલી

ભઇશાબ ! મારે ને હારે નથી જવું. કો'તો અહીંઆં તમારી પાંહે ભણેશ.

નરોતમ

( હોંસથી ) ભણશે ? જરુર ?

પેમલી

ચ્યમ ન ભણું ? પછે તમારી ચોપડાંઓ સીધી ગોઠવેશ. પણ ભઇશાબ ! તમે મેજાશ ન ખુએ તો. મેજાશ ખુએ કોઇનાં ભલાં થયાં છે ? મફતનો જીવ ચ્યમ બગાડો ? ( પાછળથી માધુભાઇ ને મોટાભાઇ આવે છે. )

નરોતમ

તારી વાત ખરી છે. (તેની સામું જોઇને) પેમલી ! મારી સલાહ મ ાશે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

ઓવે. જરુર.

નરોતમ

પેલા બધા બદમાશોથી ચેતીને ચાલજે. તું મારું કહ્યું માનશે તો તારો ઉદ્ધાર થઇ જશે.

પેમલી

નારે હો ભઇશાબ તમારા મોંમોં ગોળ. પછી હું મ્હઇ આવીશ.

નરોતમ

હું તને લઇ જઇશ. પછી કૈં છે? પણ કાલે અભ્યાસગૃહમાં આવજે. હું તને શીખવીશ.

પેમલી

ચ્યમ નૈ આવું ? ચાલો નાહી લો. ખાવાનું થઇ ગ્યું છે. ( લટકો કરી જાય છે. નરોત્તમ પ્રશંસાપૂર્ણ આંખે જોઇ રહે છે. )

નરોતમ

કંકડ આરસપહાણ છે. કોતરનારનીજ ખોત છે. (જાય છે.)

મોટાભાઈ

( આગળ આવીને ) આ જેયું તમારું બ્રહ્મચર્યાશ્રમ ?

માધુભાઈ

(નીસાસો મુકીને) આ માધુ જુએ છે.

મોટાભાઈ

આં જાડાને અહીંઆંથી કાઢવો પડશે.

માધુભાઈ

માધુ હમણાં રસ્તો કાઢે છે. આ તો દુઃસહ સ્થિતિ થઇ પડી છે. બધા ગાંડાં થઈ ગયા છે. ( આંખો મીંચીને ) આ માધુને ડાહ્યા થવું પડશે. ( નિશ્ચયથી ) જોઉં છું. જોઉં છું. મોટાભાઇ! ગભરાઓ નહીં, હરિનો મારગ છે શૂરાનો ( એકદમ બહાર જાય છે. )

મોટાભાઈ

બધા શૂરા જ છે. અહીં કોઈ કાયર છે જ નહીં. Dear Pemli ! ( પ્રિય પેમલી ! ) ( જાય છે પડદો પડે છે. )

---

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# અંક ચોથો

**સમય:** ત્રીજા દિવસની સવારના નવ.

**સ્થળ:** બ્રહ્મચર્યાશ્રમનો અભ્યાસગૃહ, થોડાં કબાટોમાં ચોપડીઓ, થોડાં ટેબલો ને થોડી ખુરસીઓ પડેલી છે. એક કબાટમાંથી થોડાં ચોપડીઓ કાઢી ભોંય પર મુકવામાં આવી છે. નરોતમ ને પેમલી તે ખંખેરતાં જાય છે, ને નરોત્તમ પેમલીને એકેક આપે છે ને પેમલી કબાટમાં ગોઠવે છે. ]

### નરોતમ

( એક ચોપડી ખશેડી ) આમ નહીં. આ તો ઉંધી મુકી.

### પેમલી

(જરા લટકો કરી ) કોણ જાણે ચ્યમ નાનાશેઠ, મુઇ ચોપડીઓ ઉંધી મુકઇ જાય છે! બળ્યું આ ગોટપીટ કયારે આવડશે ? ( હસે છે. )

### નરોતમ

( હસીને ) તું ગુજરાતી તો શીખ, પછી ગોટપીટની વાત (બંને હસે છે. ગંગાદાસ આવે છે અને નરોત્તમ ને પેમલીને જોઈ ગુસ્સે થઈ અંદર આવી એક ખુરસી ઠોકી બેસે છે. )

### નરોતમ

(ગંગાદાસને) તમે નાહ્યા કેમ નથી ?

### ગંગાદાસ

(જીદથી) મને ચોપડી વાંચવાનું મન થયું છે. ( એક ચોપડી લઈ ખુરસી ગોઠવી વાંચવાનો ડોળ કરે છે. નરોત્તમ પેમલીને આંખની નીશાની કરે છે એટલે તે ચાલી જાય છે. )

### નરોતમ

( ગંગાદાસ તરફ ફરી ) ગંગાદાસ ! છુપી પોલીસનું કામ કયારથી કરવા માંડયું ?

### ગંગાદાસ

( ખુરસી પર જોરથી ઝોકાઇ ) મારી નજરમાં આવશે તેમ કરીશ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોતમ

( ડોળા કાઢી ) એમ ?

ગંગાદાસ

હા. ( વાંચવાનો ડોળ કરે છે. મુરલીધર આવે છે. એટલે નરોત્તમ બોલતો અટકે છે ને તિરસ્કારથી ચાલી જાય છે. )

મુરલીધર

કેમ ભાઇ ?

ગંગાદાસ

આ હવે મારાથી જરા દેખી ખમાતું નથી.

મુરલીધર

શું ?

ગંગાદાસ

હું અહીંઆં મારો નૈતિક ઉદ્ધાર કરવા આવ્યો છું. આ પેમલા પેમલીનાં નાટક જોવા નથી આવ્યો.

મુરલીધર

મેં સાંભળ્યું છે કે કાલે તો તમે પણ પેમલીને પટરાણી બનાવવાનું ગીત ગાતા હતા.

ગંગાદાસ

બદગોઇ પંડિત, બદગોઈ. તદ્દન ખોટી વાત. મારાથી હવે આ જોવાતું નથી. આ નરોતમ, પેલો ભગવાનદાસ, ને તમારો મોટાભાઇ આ છોકરીની પાછળ ભમે છે. આપણે ઘરબહારને બૈરીછોકરાં છોડયાં તે આ જોવા સારું.

મુરલીધર

( પાસે બેસીને ) ખરું કહું ? મને પણ આ આશ્રમનું વાતાવરણ આધ્યાત્મિક નથી લાગતું.

ગંગાદાસ

તદ્દન ખરી વાત છે.

મુરલીધર

ઉલટું આપણા વિકાસને રોધે એવું લાગે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગંગાદાસ

Right ( સાચું )

મુરલીધર

કાલે શું થયુ તે ખબર છે ?

ગંગાદાસ

શું ?

મુરલીધર

હું ધ્યાન કરવા બેઠો, ત્યારે મને મીસીસ પંડિત ને પેમલીનું મુખજ દેખાયાં કર્યું.

ગંગાદાસ

(તાળી પાડે છે ) હો, હો, હો, તમે પણ પેમલીઘેલા થયા ખરા !

મુરલીધર

( સખ્તાઇથી ) જરાએ નહીં; આ દુષ્ટ વાતાવરણનો પ્રતાપ છે. તમે જાણો છો કે હુ ચુસ્ત પત્નીવ્રતી છું-મન વાણી ને કર્મે. એ મેં છોડયું તે આ ડાકટરના સ્વપ્નામાં લોભાઇને, બ્રહ્મચર્ય સાધી અમર બની, મારી સહચરીને પણ અમર બનાવી, સનાતન પ્રણયમાં અનંતકાળ સુધી વિહરવા.

ગંગાદાસ

( હસીને ) બ્રહ્મચર્ય-ને તે પણ પ્રણય સાધવા ! એ ઠીક.

મુરલીધર

પણ આ સ્થાન ખરાબ છે; માફ કરજો, પણ તમારા બધાની સોબત ખરાબ છે. આના કરતાં તો મારી સહચરીના સાંનિધ્યમાં હું સહેલાઇથી બ્રહ્મચર્ય સિદ્ધ કરીશ.

ગંગાદાસ

doubtful ! (શંકાભર્યું છે ) તદ્દન.

મુરલીધર

તે ગમે તેમ પણ જ્યાં ધ્યાનમાં પણ મીસીસ પંડિતને પેમલી સાથે કુસ્તી કરવી પડે તે ઠેકાણે હું રહેવાનો નથી હું ચાલ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગંગાદાસ

કયાં ?

મુરલીધર

મારે ઘેર. અહીં આં રહેવામાં કંઇ માલ દેખાતો નથી. માસીસ પંડિત બીચારી વાટ જોતી હશે.

ગંગાદાસ

(એકદમ ઉભા થઇ જઇને) you are right ( તમે ખરૂં કહો છો) હું પણ આવું છું. આ પેમલા પેમલીને જોવા કરતાં મારા મિત્રો જોડે મજાહ નહીં કરું ?

મુરલીધર

ખરું પુછો તો શકિત વિના શિવ કેમ પ્રગટે એ સમજાતું નથી.

ગંગાદાસ

અને જ્યાં આધ્યાત્મિક રસઘેલછા શકય નહીં ત્યાં રહેવું શું ? ખબર છે કાલે હું એક ગાયન ગાતો હતો.

મુરલીધર

( હસીને ) તમારા ગાયન પણ એવાં છે !

ગંગાદાસ

( ગાંભીર્યથી ) ' દીલદાર યાર છેલાસે નયનાં મીલાયેંગે. ' એમાં શું એવું આવી ગયું ભાઇ ? પણ હું એ ગાતો હતો ને પેલો નરોત્તમ આવી ગોફ મારી ગયો. જુઓની મોટો હેલન ઓફ ટ્રાયનો ભકત ! નીલમ છોડી પેમલી પછાડી ગાંડો થયો. shame ! (શરમ છે ! )

મુરલધર

ગંગાદાસભાઇ ! કોઇની પરવા આપણે શા માટે રાખીએ ? ચાલો જઇએ.

ગુલાબચંદ

(આવીને ) કયાં જાઓ છો ?

( બંને ચોર જેવા એક બીજા તરફ જુએ છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુરલીધર

( સખ્તાઈથી ) ગુલાબચંદભાઈ ! ડાકટરને અમારા પ્રણામ કહેજો. અમે આ આશ્રમ છોડીને જઈએ છીએ. જે આધ્યાત્મિક વિકાસ સાધવા અમે અહીંઆં આવ્યા તે અહીંઆં શક્ય નથી. કહેજો એમને કે માફ કરે. એમના સિદ્ધાંતો ખરાં છે, તેનો અમલ પદ્ધતિસર નથી.

ગુલાબચંદ

પંડિતભાઈ ! મને પણ એજ પ્રતીતિ થતી જાય છે.

ગંગાદાસ

તમને પણ—

ગુલાબચંદ

આ શું ? આખો વખત પેલા ભગવાનદાસ ને પેમલીને જોઈ જોઈ મારો જીવ અસંસ્કારી થઈ ચાલ્યો.

ગંગાદાસ

( હસીને ) તમને પણ એજ નડ્યું ?

ગુલાબચંદ

અરે કંઈ વાત છે ? પેલો રાંધે ને પેલી સામુ બેસીને પટલાઈ કરે. આ તે બ્રહ્મચર્યાશ્રમ છે કે સંવનન કરવાનો અખાડો ? ઉંહ.

મુરલીધર

અમે હમણાં જ વિચાર કરતા હતા કે અહીંઆંથી ચાલી જઈએ.

ગુલાબચંદ

ચાલો હું પણ આવું.

ગંગાદાસ

પંડિત ! ત્યારે ડાકટરને ચીઠી લખીને મુકો. આપણે છાનામાના ચાલી જઈએ. ઉંહ. જ્યાં નાટકનાં ગાયન ન ગવાય ત્યાં રહેવાય કેમ ?

મુરલીધર

ખરી વાત. ( ટેબલ પર બેસી લખવા માંડે છે. )

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગંગાદાસ

( એકલો ) તેરી ચલબલ હે ન્યારી, તેરી રેલબલ હે પ્યારી.

મુરલીધર

અરે ઓ મુરબ્બી ! મને કાગળ તો લખવા દો.

ગંગાદાસ

( થાકીને ) વારુ ભાઇ લખો. સાળી ગાયનમાં પણ ગુનેહગારી.

મુરલીધર

( ચીઠી ટેબલ પર મુકી ) ચાલો.

ગુલાબચંદ

ડાકટરને છોડતાં દીલ ચીરાઇ જાય છે.

મુરલીધર

અહીંઆં રહેતા વધારે ચીરાય છે. ચાલો. )ત્રણે જાય છે. )

ગંગાદાસ

હત તારી બ્રહ્મચર્યાશ્રમની !

( થોડીવારે મોટાભાઇ ધીમે પગે આવે છે ને ચારે તરફ જુએ છે. )

મોટાભાઈ

( ચશ્મો ચઢાવીને ) જાણે પેમલી એના બાપનો માલ હશે ! ઠીક છે. કંઇ ખોટી નથી.

પેમલી

( આગળ આવીને ) કેમ મોટા શેઠ ! શું કહેતા'તા ? ભગવાન શેઠ રાંધવા બોલાવે છે.

મોટાભઇ

જહાનમમાં ગયો ભગવાન ! જો પેમલી !

પેમલી

અમ શયું છે ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઈ

હું એક વાત કહું. See ? ( સમજ્યો ? ) તું મને ઓળખે કે ?

પેમલી

ભઈશાબ ! આટલા દા'ડા ઓળખ્યા ને એવું શું પુછોછો ?

મોટાભાઈ

એમ નહીં. જો Listen ( સાંભળ )—

પેમલી

ભઈશાબ ! ગોટપીટ શું બોલોછો ?

મોટાભાઈ

Damn ! You can't help it. ( એનો ઉપાય નથી. ) જો સાંભળ હું કોણ છું ?

પેમલી

મોટા શેઠ.

મોટાભાઈ

( હાથ પર હાથ ઠોકી ) Listen—સાંભળ.

પેમલી

હોંભળું છું.

મોટાભાઈ

હું મોટો માણસ છું.

પેમલી

હું જોઉં છું.

મોટાભાઈ

સાંભળ.

પેમલી

ભઈશાબ ! હોંભળું છું ને.

મોટાભાઈ

હું મોટો બેરીસ્ટર છું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

( લટકો કરી ) હાય બા! બારીસ્ટર તો કચારીમાં જૈને ફટાક ફડાક્ બોલે.

મોટાભાઈ

હા, તેજ. જો સાંભળ.

પેમલી

હોંભળું છું.

મોટાભાઈ

( કંટાળીને ) હું બહુ પૈસા કમાઉં છું.

પેમલી

પાંચસો રુપીયા ?

મોટાભાઈ

અરે ગાંડી ! પંદર હઝાર !

પેમલી

અરે જાઓ જાઓ મારા ભૈ ! એટલા બધા તે કોઈ કમાય ?

મોટાભાઈ

સમ તારા બાપના—

પેમલી

વારુ ભઇશાબ, પછે ?

મોટાભાઈ

તું મુંબાઈ આવે તો હું તને ચશ્મા અપાવું—

પેમલી

( હસીને ) ચંબહો.

મોટાભાઈ

ને ઉંચી એડીના બુટ, ને ફક્કડ કપડાં. ને

પેમલી

હેો—હેો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઈ

ને રહેવાને ઘર, ને મોટર—

પેમલી

અધ-ધ-ધ—ભઇશાબ ! ને પછે મારે કરવાનું શું ? તમારી બાઇડીની ચાકરી ?

મોટાભાઈ

અરે ગાંડી ? મારે બૈરી તો છેજ નહીં. તુંજ—

પેમલી

શું ?

મોટાભાઈ

તુંજ મારી બૈરી—

પેમલી

જાઓ, જાઓ, ગરીબ બાપડીની મશ્કરી કરો છો તે. પટલાણ જોડે તે કૈં પયણવાના છો ?

મોટાભાઇ

( ચારે તરફ જોઇને ) પરણવાનું ગયું જહાન્નમમાં !

પેમલી

( એકદમ મીજાજમાં કેડે હાથ મુકીને ) અરે હું હમજે રે તું.

મોટાભાઈ

( જરા અજાયબીથી ) હું ખરી વાત કહું છું.

પેમલી

( ખુરસી પરથી હુશાકું લઈ મોટાભાઇના માથા પર ફડાફડ મારે છે. ) અરે મુઓ રે તું હાસી વાતનો કરનાર ! મુઆ શ્યું સમજે છ ? વગર પયણે ! પીટયો બાયડી કરનાર ! ( થરથરતો મોટાભાઇ પાછો હઠે છે ને ભીંત સાથે અથડાય છે. ચરમાં પડી જાય છે ને આ મુશ્કેલી ન સમજાતાં ગુંચવાય છે. )



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મોટાભાઈ

But listen! ! Oh listen! (પણ સાંભળ! અરે સાંભળ! અરે સાંભળ!)

પેમલી

(એક બે વખત ઉશીકું મારતાં) આ લશણ. લે લશણ. સમજે છ ૨યુ પાઘડીઅળ્યા! જીભજ ખેંચી નાંખીશ.

મોટાભાઈ

(હાંફતાં) અરે listen (સાંભળ)! ઓ—

માધુભાઈ

(એકદમ આવીને) હરિનો મારગ છે શૂરાનો—અરે મોટાભાઈ! આ શું? બુમ શેની મારો છો? શું છે પેમલી?

મોટાભાઈ

(મહા મહેનતે હાસ્યજનક રીતે રોફ કરીને) હું! બુમ મારું! What for? (શા માટે?) ડાકટર, સાંભળો. Listen! I am a gentleman. (હું સદ્ગૃહસ્થ છું.)

પેમલી

બાપજી! મુઓ મને કહે—

મોટાભાઈ

(રોફથી વચ્ચે આવીને) Doctor, listen, (ડાકટર, સાંભળો.) હું કોણ છું? મારું અપમાન થાય છે. મારું! મોટાભાઈનું! I go, I go, I go. (હું જાઉં છું, હું જાઉં છું, હું જાઉં છું.) (રોફથી ચાલી જાય છે.)

માધુભાઈ

(ખેદથી પેમલી તરફ જોઈને) પેમલી! બાપ! તું જા, મારા દીકરા, ને કામ કર! જા—

પેમલી

(રડતે રાગે) બાપજી! હું શું કરું! મુઓ! એ—એ (રડે છે.)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માધુભાઈ

જા બા, જા! ( હાથ જોડી ) તને પગે લાગું, તું જા ! ( પેમલી જાય છે ને પ્રોફેસર છોટુભાઇ આવે છે. ) કેમ છોટુભાઈ ?

છોટુભાઈ

ડાકટર સાહેબ, એક જરુરી વાત કરવા આવ્યો છું.

માધુભાઇ

શી છે ભાઇ ? બેસો (છોટુભાઇ બેસે છે.)

છોટુભાઇ

આજે મને મારો સ્વધર્મ સમજાયો.

માધુભાઈ

( ડોકું ધુણાવે છે ) હા ભાઇ ! આ સ્વધર્મ સમજવાનોજ વખત છે.

છોટુભાઈ

જુઓની, મેં ગુજરાતનાં ગામડાંનો ખાસ અભ્યાસ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ કર્યો છે.

માધુભાઈ

( નીસાસો નાંખીને ) હા ભાઇ ! હમણાં ગામડાનાં સૌંદર્યેજ બધાને આંધળા કર્યા છે.

છોટુભાઈ

( હર્ષથી ) ખરી વાત છે. ગામડામાંજ રાષ્ટ્રજીવન છે; ગામડામાંજ આપણી દોલત છે; ગામડામાંજ આપણું સુખ છે; ગામડામાંજ ખરું સૌંદર્ય છે. અહીંઆંથી જઇ એ ગામડાઓને જ માટે હવે જીવન અર્પણ કરવું છે.

માધુભાઈ

( એકદમ અકળામણમાં ઉભા થઇ જાય છે, ) હા, જાઓ, પ્રોફેસર સાહેબ ! ગામડાંઓને જીવન અર્પો. જોઇએ તો ગામડીઅણોને જીવન અર્પો. જોઇએ તો પેમલીને જીવન અર્પો—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

છોટુભાઈ

એજ હું કહેતો હતો.

માધુભાઈ

એજ આ માધુ સાંભળવાનો નથી. ( બે હાથ વીંઝીને ) જાઓ, જાઓ; મજાહ કરો. તમારું સર્વસ્વ ગામડાંને અર્પણ કરો. ગામડીઅણને અર્પણ કરો. ગામડાંનાં કુતરાંને અર્પણ કરો. હરિનો મારગ છે શૂરાનો. ( ઝપાટાબંધ ચાલી જાય છે. )

છોટુભાઈ

આજે આ ડાકટરને શું થયું છે ?

પેમલી

(આવીને) ચ્યમ છોટુભૈ શેઠ ! આ બાપજીને ચ્યમ આમદખ દો છો ? બચારા એવા—

છોટુભાઈ

પેમલી ! હું આ ડાકટરને છોડી જોઉં છું.

પેમલી

ચ્યમ ભઇશાબ ?

છોટુભાઈ

હું હવે ગામડામાં રહેવાનો ને ગામડીઆની સેવા કરવાનો.

પેમલી

ભઇશાબ ! તમને મોટા લોકોને ગોમડામાં ન ગોઠે.

છોટુભાઈ

મને ગોઠશે. પેમલી ! હું અત્યાર સુધી મારો સ્વધર્મ શોધતો હતો.

પેમલી

ધરમમાં શોધવું શું ?

છોટુભાઈ

મને હવે જડયો --

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પેમલી

બહુ હારું થયું.

છોટુભાઈ

ને મને તું જડી.

પેમલી

( જરા રોફથી ) મારે શું લેવા દેવા ?

છોટુભાઈ

પેમલી ! હું હમણાંજ દાજી પટેલ પાસે જાઉં છું ને તારું માગું કરું છું.

પેમલી

( હસીને ) શું કહો છો છોટુભૈ શેઠ ? એવું તે બને ? તમે ક્યાં, હું ક્યાં ?

છોટુભાઇ

ના કહેવી નહીં. હું દાજી પટેલ પાસે ચાલ્યો ( જાય છે. )

પેમલી

આ બધાઓને કોણ જાણે સ્યું વળજ્યું છે ! ચાલ મા ! આ ચોપડાઓ ગોઠવું. બચારો ડાક્ટર બાપજી હેરાઇ રહ્યો છે. ( ભોંય પર પડેલી ચોપડીઓ ગોઠવવા લાગે છે. નરોત્તમ આવે છે ને થોડીવાર પેમલીને પ્રશંસાથી જોતો ઉભો રહે છે. )

નરોત્તમ

પેમલી !

પેમલી

( હસીને પાછું જુએ છે ) ચ્યમ નાનાશેઠ નાહી આયા કે ?

નરોત્તમ

હા. તને ચોપડી મુકવાની શી ઉતાવળ આવી છે ?

પેમલી

( આંખો નચાવતાં ) મારા મનમેં કે તમારા આવતા પહેલાં બધી મુકું. જુઓ ભાઇસાબ ! આ બધી શીધી છે ને ?

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

હા, બધી સીધી છે.

પેમલી

( હસીને ) હું હુશીઆર તો છું ને ?

નરોત્તમ

તારી હોંશીઆરીની વાત શી કરવી ? આ પ્રમાણે તો તું થોડા દહાડામાં એવી થઇ જશે !

પેમલી

કાલે તો મારો મોમો આવશે.

નરોત્તમ

આવશે તોએ હું ડાકટરને કહેવાનો છું કે તારા વગર આ આશ્રમ સારો રહેવાનો નથી.

પેમલી

ચાલો ત્યારે તો મજાહરતો.

ભગવાનદાસ

( બહારથી ) પેમલી ! પેમલી !

પેમલી

ઓ શેઠ ! ( જવા જાય છે. )

નરોત્તમ

( હાથ વડે રોકે છે ) જતી નહીં. એનું મને મોઢું ગમતું નથી.

પેમલી

એમ શું બોલો છો ?

ભગવાનદાસ

( અંદર આવે છે. તેનો એક હાથ કણેકવાળો છે. ) પેમલી ! ચાલ હું ક્યારનો તારી વાટ જોઉં છું.

પેમલી

હા ભઇશાબ ! હું આ ચોપડી ગોઠવતી હતી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

**ભગવાનદાસ**

અરે ચોપડી ક્યાં ભુખી થઈ છે ! હમણાં જમવાનો વખત થશે. ચાલ.

**નરોત્તમ**

( સખ્તાઇથી ) પેમલી વગર દાળ ચઢતી નથી !

**ભગવાનદાસ**

( ગુસ્સામાં ) હું પેમલી જોડે વાત કરું છું. તમારે વચ્ચે પડવાની જરુર નથી.

**નરોત્તમ**

( ધોંટો કાઢીને ) What ? ( શું ? )

**ભગવાનદાસ**

હું તમારા ધોંટાથી ડરવાનો નથી મીસ્તર ! ચાલ પેમલી; ઉઠ. ( પેમલી ખસવા જાય છે. )

**નરોત્તમ**

પેમલી, ખસતી નહીં ! ( તેને રોકે છે. )

**ભગવાનદાસ**

ચાલ ! એ શું તારો માલીક છે —

**નરોત્તમ**

ખબરદાર—(પેમલી નીચે બેસી જાય છે.)

**ભગવાનદાસ**

ચાલ-(નીચો વળી પેમલીનો હાથ પકડે છે.)

**નરોત્તમ**

(ભગવાનદાસને ખભે હાથ મુકીને ગુસ્સાથી કાંપતાં) એનો હાથ છોડ !

**ભગવાનદાસ**

(દાંત પીસીને) નથી છોડતો—ચાલ ! (પેમલીને ધસડે છે.)

**પેમલી**

ઓ-ઓ !

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નરોત્તમ

( હોઠ દાબી ) નથી છોડતો એમ ? (જોરથી ભગવાનદાસનો હાથ પકડે છે. ) છોડ ! (ભગવાનદાસ જોર કરે છે પણ તેનું કૈં ફાવતું નથી. )

ભગવાનદાસ

શું સમજે છે ? (એક મુક્કો ઉગામે છે.)

નરોત્તમ

(મુક્કાને હાથ પર ઝીલી) જંગલી ! ( જોરથી ભગવાનદાસને બાથમાં ભીડે છે ને ભીંતમાં ચાંપે છે. ભગવાનદાસ જોર કરે છે અને આખરે નરોત્તમ તેને ઉંચકી એક પાસેની ઓરડીમાં ફેંકે છે ને ઓરડીને બારણે સાંકળ મારે છે. ) Damn ! (જહાન્નમમાં જાય એ !) (હાંફતો હાંફતો ખુરસી પર બેસી પોતાની આંખ પંપાળે છે.)

પેમલી

( ઉડીને પાસે આવે છે ) તમે તો નાનાશેઠ, ભેમશેનના અવતાર છો. ભાઈશાબ હો.

નરોત્તમ

હમણાં એનું માથું ફોડી નાંખત. એ શું સમજે છે ? જાણે તારો માલીક હોય તેમ ! ( આંખો ચોળે છે. પાછળથી ડાકટર અને નીલમ આવી ઉભાં રહે છે. નીલમ તેજસ્વી ને સ્વરૂપવાન, મુંબાઇગરી યુવતી છે.)

પેમલી

આંખે બહુ વાગ્યું ?

નરોત્તમ

નારે, તારી આંગળી કચરાઇ ગઇ હશે. લાવ ! ( પેમલીની આંગળી લઇ પંપાળતો આંખ પાસે લાવે છે. ) Lovely fingers. ( સુંદર આંગળીઓ ) ( આંખે આંગળી અડકાડવા જાય છે. પાછળથી નીલમ નરોત્તમનો કાન પકડે છે. )

નીલમ

( ગુસ્સામાં ) Very lovely fingers ineed ! ( ખચીત બહુ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુંદર આંગળીઓ !) (નરોત્તમ એકદમ ઉભો થઈ જાય છે ને આંખ ચોળે છે. પેમલી એકદમ ખીશીઆણી પડી ખુરસીની પાછળ ભરાઇ બેસે છે. ) ગ્રહ સૌંદર્યના શોખીન ! આ બ્રહ્મચર્યની સાધના કરો છો કેમ ? કે શરમ આવે છે ? મને છોડીને આ પેલી મેલીઘેલી—

**નરોત્તમ**

( સ્વાસ્થ્ય મેળવી ) પણ તું કયાંથી ?

**માધુભાઈ**

મેં બોલાવી ! ભાઇ સાહેબ ! તમે બ્રહ્મચર્ય સાધ્યું-ઉકાળ્યું ને મારૂં દળદર દુર કર્યું ! મુરબ્બી ! હવે સીધાવો.

**નરોત્તમ**

( જરાક ગૌરવ મેળવવાનો પ્રયત્ન કરતાં ) ડાકટર !

**નીલમ**

અરે ડાકટરવાળા ? ચાલો હવે મુંબાઇ. એક વાર ધીર્યાં તે ધીર્યાં. ફરી વાર હું ધીરવાની નથી. હવે તમારી વીનસ ડી મીલોની ભાવના બરોબર ઓળખી ગઇ છું.

**નરોત્તમ**

નીલમ ?

**નીલમ**

( અધીરાઇથી પગ ઠોકતાં ) બોલો નહી, બચાવ નહીં કરો, નહીં તો ભારે પડશે—

**માધુભાઈ**

જુઓ મુરબ્બી ! જુઓ, (નીલમ હાથ ઝાલી શરમીંદા નરોત્તમને લઇ જાય છે. ) જાઓ ! જાઓ ! બધા જાઓ ! ખુરશી પર બેસી જઇ રડતે રાગે ) પેમલી ! પેમલી ! તેં બધાનો ધાણ કાઢી નાખ્યો. ( ટેબલ પર નજર પડતાં ) આ શું ? એ-એ ? પંડિત ને ગંગાદાસ ને ગુલાબચંદ ગયા. પ્રોફેસર પેમલી પાછળ ગયો...ઓ ! મોટાભાઇ ગયો. બધા ગયા, હું એકલો... ( આંખો મીચી કપાળે હાથ મુકી બેસે છે ને રડતે રાગે બોલવા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માંડે છે.) ત્રીસ ત્રીસ વર્ષના સિદ્ધાંતો પર પાણી ફર્યું.. આ મારૂં બ્રહ્મચર્યાશ્રમ ! હાય પેમલી !...હરિનો મારગ આ માધુ માટે નથી. પેમલી ! તેં શું કર્યું ? ( ગાંડા જેવો આક્રંદ કરે છે. પેમલી રડતી આંખે બહાર નીકળી રડે છે. ) મારૂં બ્રહ્મચાર્યાશ્રમ ! હાય પેમલી !...આ બ્રહ્મચર્ય ! ( આંખો મીંચીને લાંબા હાથ કરે છે. ) હાય પેમલી ! ( ઉઠે છે ને રડે છે. ) હાય બ્રહ્મચર્ય !...આ પેમલી !... ( પેમલીની આસપાસ હાથ આવે છે એટલે રડતી પેમલી વળગી પડે છે. )

### પેમલી

( રડતી ) ડાકટર બાપજી ! આ શું કરો છો ?

### માધુભાઈ

( આંખો ઉઘાડી પેમલીને પોતાના હાથ વચ્ચે જોઇને સ્તબ્ધ બની ફરીથી આંખો મીંચે છે ) હાય બ્રહ્મચર્ય ! હાય પેમલી !

### પેમલી

ડાકટર બાપજી ! એ શું કરો છો ? હરિનો મારગ છે શૂરાનો—

### માધુભાઈ

( એકદમ આંખ ઉઘાડી હાથ વચ્ચે પેમલી સામુ જુવે છે ને તેની આંખો સામું જોઇ તેના મોઢા પર ભાવ બદલાય છે. તે અજાયબ થાય છે ) હરિનો મારગ છે શૂરાનો.

### પેમલી

( નીચું જોઇને ) તમારા જેવા શૂરાનોજ છે ભટ્ટશાબ !

### માધુભાઈ

( હસીને કુદે છે ) હરિનો મારગ છે શૂરાનો...( પેમલીને વળગી પડે છે ને પેમલી સામું વળગે છે. બારણું ખોલી ભગવાનદાસ સ્તબ્ધ બની જોઈ રહે છે. )

પડદો પડે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com